

અરે આત્માઓ! તમે સાધારણ છો એમ ન માનો! જેને પૂર્ણદશા પ્રગટી ગઈ છે એવા સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અરે જીવો! તમે મારી નાતના ને જાતના પૂર્ણ પ્રભુ છો!

—તેને તમે ઊણો કે હીણો ન માનો!

અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો!

—પૂ. ગુરુદેવ

કહાન સંવત-૭ □ (૫૨૩) ❊ આત્મધર્મ ❊ (અંક-૧૧ વર્ષ-૪૩) □ વીર સં. ૨૫૧૩ મે, ૧૯૮૭

# * આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો *

* જો કોઈ જીવ અપશબ્દોનો પ્રયોગ કરે છે તો વિવેકી સાધુ એમ વિચારે છે કે આ મનુષ્યે મને ક્રોધથી માત્ર ગાળ જ આપી છે, મારેલ તો નથી. જો તે મારવા લાગી જાય તો તે સાધુ આમ વિચારે છે કે તેણે મને માત્ર માર્યો જ છે, પ્રાણોનો નાશ તો નથી કર્યો. પરંતુ જો તે પ્રાણોનો નાશ કરવામાં ઉદ્યત થઈ જાય તો તેઓ એમ વિચારે છે કે આણે ક્રોધને વશીભૂત થઈને માત્ર મારા પ્રાણોનો જ નાશ કર્યો છે પરંતુ મારા પ્રિય ધર્મનો તો નાશ નથી કર્યો; માટે મારે આ બિચારા અજ્ઞાની પ્રાણી ઉપર ક્રોધ કરવો ઉચિત નથી કારણ કે ક્રોધ ધર્મનો નાશ કરે છે અને પાપનો સંચય કરે છે એમ સમજી બુદ્ધિમાન સાધુ ક્ષમા જ કરે છે. (—શ્રી અમિતગતિ આચાર્ય, શુભાષિત રત્નસંદોહ, શ્લોક-૩૫)

* હે ભાઈ! તારી નજર સામે તું શું નથી જોતો કે આ જગત કાળરૂપ પ્રચંડ પવનથી નિર્મૂળ થઈ રહ્યું છે! ભ્રાંતિને છોડ! જગતમાં કોઈની નામમાત્રની પણ સ્થિરતા નથી. જે દિવસની મંગળમય પ્રભાત જણાય છે, તે જ દિવસ અસ્તપણાને પ્રાપ્ત થાય છે. ભાઈ! આ જગતનો સ્વભાવ જ ક્ષણભંગુર છે. પહાડ જેવા વિસ્તીર્ણ જણાતાં રૂપોનો ઘડી પછી અવશેષ પણ જણાતો નથી. કોણ જાણે શા કારણથી તું એ ઇન્દ્ર-જાળવત્ જગતના ઇષ્ટ પદાર્થોમાં આશા બાંધી બાંધી ભમ્યા કરે છે!

(—શ્રી ગુણભદ્રાચાર્યદેવ)

* ભાઈ! તારી આ બધી પ્રવૃત્તિ મને તો રેતીમાં તેલ શોધવા જેવી અથવા વિષ પ્રાશન કરી (—ખાઈને) જીવનવૃદ્ધિ કરવાની ઇચ્છા જેવી વિચિત્ર અને ઉન્મત્ત લાગે છે. ભાઈ! આશારૂપ ગ્રહ (ભૂત) નિગ્રહ કરવામાં જ સુખ છે. તૃષ્ણાથી કોઈ કાળે કે કોઈ ક્ષેત્રમાં સુખ નથી. એ ટૂંકું પણ મહદ્ સૂત્ર શું તને નથી સમજાતું?—કે આ વ્યર્થ પરિશ્રમ (—પ્રવૃત્તિ) તું કરી રહ્યો છે! (—શ્રી ગુણભદ્રાચાર્યદેવ)

* પાંચ ઇન્દ્રિયોનાં વિષયોમાં તથા અસંખ્યાત લોકપ્રમાણ તીવ્ર ભાવક્રોધાદિકોમાં સ્વભાવથી જ મનનું શિથિલ થવું તે પ્રશમ છે.

(શ્રી પંચાધ્યાયી, ઉત્તરાર્ધ્ધ, શ્લોક-૪૨૬)

કહાન
સંવત-૭
વર્ષ-૪૩
અંક-૧૧
[ ૫૨૩ ]




વીર
સંવત
૨૫૧૩
A. D. 1987
MAY

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ✲ ત્રિકાળવર્તી સિદ્ધોને નમસ્કાર ✲

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં-૪ )

શ્રી પરમાત્મપ્રકાશની પ્રથમ ગાથામાં યોગીન્દુ મુનિરાજે ભૂતકાળના અનંત સિદ્ધોને નમસ્કાર કર્યાં. બીજી ગાથામાં ભવિષ્યના અનંત સિદ્ધોને નમસ્કાર કર્યા છે. મુનિરાજને ભક્તિ ઘણી ઊછળી છે. આઠ ગાથા સુધી પંચપરમેષ્ઠી આદિ બધાંને નમસ્કાર કરશે.

અહીં આપણે બીજી ગાથા ચાલે છે. તેમાં મુનિરાજ કહે છે કે ભવિષ્યમાં જે સિદ્ધો થશે તે કેવી રીતે થશે?—કે વીતરાગ સર્વજ્ઞદેવે વસ્તુનું સ્વરૂપ જોઈ, જાણીને જે મોક્ષમાર્ગ પ્રરૂપ્યો છે તે માર્ગ દ્વારા દુર્લભ જ્ઞાન પ્રાપ્ત કરીને શ્રેણિક આદિ અનંત જીવો સિદ્ધ થશે.

તે સિદ્ધભગવાન કેવા હશે? કે—શિવસ્વરૂપ, અનુપમ અને કેવળજ્ઞાનમય હશે તેમાં શિવ એટલે પોતાના નિજશુદ્ધાત્માની અંતર એકાગ્રતાથી જે વીતરાગ પરમાનંદ સુખ ઉપજે છે તેનાથી સહિત હશે. વળી, અનુપમ હશે એટલે ભગવાનના દ્રવ્ય, ગુણ તો નિરુપમ છે જ પણ, તેમાં એકાગ્રતાથી પ્રગટેલી પૂર્ણ પર્યાય તે પણ નિરૂપમ–અનુપમ હશે, તેને જગતના કોઈ પદાર્થોની ઉપમા લાગુ પડશે નહિ. આ પંચમ-ગતિ ચારગતિથી અનેરી છે, તેને પ્રાપ્ત થયેલાં સિદ્ધભગવાન કેવળજ્ઞાનમય હશે એટલે ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં જાણનારા હશે.

હવે એમ પ્રશ્ન થાય છે કે ભગવાન શું કરતાં થકાં આવા સિદ્ધ થશે? તો કહે છે કે ભગવાન શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર આદિ અમૂલ્ય રત્નથી ભરેલાં જહાજમાં બેસીને

સિદ્ધ થશે. આત્મા દર્શન-જ્ઞાનસ્વભાવી છે. તેના યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન-આચરણરૂપ અમોલિક રત્નત્રયથી પૂર્ણ અને મિથ્યાત્વ વિષય કષાયાદિરૂપ સમસ્ત વિભાવરૂપ જળના પ્રવેશથી રહિત, પરમ સમાધિરૂપ જહાજને સેવતાં થકાં અનંતા સિદ્ધ થયા છે અને અનંતા સિદ્ધ થશે.

રત્નત્રયનૌકામાં પુણ્ય–પાપરૂપ વિભાવજળનો પ્રવેશ હોતો નથી. તે રત્નત્રયનૌકા નિજશુદ્ધાત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી તૈયાર થાય છે. જેના સ્વભાવની શક્તિની મહિમા કોઈ અચિંત્ય અને અનંત છે, તેની અંતર એકાગ્રતા—ભાવનાથી સહજ આનંદરૂપ સુખામૃત ઉત્પન્ન થાય છે અને તેનાથી વિપરીત ચારગતિરૂપ સંસારના દુઃખોનો ક્ષય થાય છે.

ભગવાન આત્માના સ્વાભાવિક આનંદથી વિપરીત રાજા–મહારાજાઓના સુખ અને દેવગતિનાં સુખ બધાં દુઃખ જ છે. તિર્યંચ અને નારકી । પરિણામમાં તો આકુળતા છે, તે દુઃખ જ છે પણ સુખી ગણાતાં મનુષ્ય અને દેવોનાં પરિણામમાં પણ આકુળતા જ છે, તે દુઃખ જ છે. તે આત્માના સહજ આનંદથી તદ્દન વિપરીત છે.

સંસારરૂપી સમુદ્ર આખો દુઃખથી જ ભરેલો છે. તેનો નાશ કરીને પરમસમાધિરૂપ જહાજને સેવતાં થકાં અનંતા જીવો સિદ્ધ થશે. તે સિદ્ધના ટોળાંને—સિદ્ધસમૂહને હું નમસ્કાર કરું છું. આમાં સંસારદશાનો વ્યય થાય છે, સિદ્ધદશાનો ઉત્પાદ થાય છે અને જીવ ધ્રુવ છે–એમ બતાવી ઉત્પાદ–વ્યય–ધ્રુવ પણ સિદ્ધ કર્યા છે.

એ વાત લીધી છે કે સિદ્ધ કેવી રીતે થશે કે એક તો પોતાના પરમાનંદને સેવતાં સેવતાં અને તેના આધારે જ ચાલતાં થકા અનંત સિદ્ધ થશે. કોઈને પ્રશ્ન થાય કે સિદ્ધો લોકાગ્રે રહે છે તેને લોકનો આધાર તો છે ને! તો કહે છે ના; સિદ્ધભગવાન પોતાના આધારે રહ્યાં છે. ભગવાનને પોતાના અતીન્દ્રિય આનંદનો જ આધાર છે.

આહાહા....! સિદ્ધના સુખને કોની સાથે સરખાવવા ? જગતની ચાર ગતિમાં કોઈ ચક્રવર્તી કે ઇન્દ્રના સુખ પણ એવા નથી કે જેની સાથે સિદ્ધના સુખને સરખાવી શકાય. માટે કહ્યું છે કે સિદ્ધનું સુખ અનુપમ છે—સિદ્ધના સુખ સિદ્ધ જેવા જ છે.

આ બીજી ગાથાનો ભાવાર્થ એ છે કે શિવમય, અનુપમ, જ્ઞાનમય, શુદ્ધાત્મસ્વરૂપ જ ઉપાદેય છે. અથવા એવી નિર્મળ પર્યાય પ્રગટ કરવા માટે તેવા સ્વરૂપને પ્રાપ્ત થયેલાં સિદ્ધભગવાન જ આદરણીય છે.

ભૂતકાળના અને ભવિષ્યના ભગવાનને નમસ્કાર કરીને હવે ત્રીજી ગાથામાં યોગીન્દુદેવ વર્તમાનમાં મહાવિદેહમાં બિરાજતાં સીમંધરાદિ ભગવંતોને નમસ્કાર કરે છે.

વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં સીમંધર આદિ વીશ તીર્થંકર અને લાખો કેવળી-

ભગવંતો પરમસમાધિરૂપ અગ્નિથી કર્મરૂપી ઇંધનને બાળી રહ્યાં છે તેને પણ સિદ્ધના સમૂહ કહીને નમસ્કાર કર્યાં છે.

અત્યારે તો જૈનકુળમાં જન્મેલાંને પણ તીર્થંકરો કયાં રહેતા હશે, તીર્થંકર પદ કેમ પ્રાપ્ત કર્યું હશે, તીર્થંકરની દશા કેવી હોય, સિદ્ધની દશા કેવી હોય, આત્માનું સ્વરૂપ શું છે, તેની કાંઈ ખબર હોતી નથી.

અનંતા સિદ્ધો થઈ ગયા તે તો કૃતકૃત્ય છે પણ વર્તમાનમાં બિરાજે છે એવા સિદ્ધને (-અરિહંતને) હજુ ચાર કર્મ બાકી છે તેને ભગવાન પરમ સમાધિરૂપ અગ્નિ દ્વારા બાળી રહ્યાં છે. તે સિદ્ધોને હું નિર્વિકલ્પસ્વસંવેદન જ્ઞાનરૂપ પરમાર્થ સિદ્ધભક્તિ દ્વારા નમસ્કાર કરું છું.

જુઓ ! અહીં વ્યવહાર સિદ્ધભક્તિની વાત ન લીધી પણ પરમાર્થ સિદ્ધભક્તિ દ્વારા નમસ્કાર કરું છું એમ લીધું છે તેમાં પોતાના આત્માની ભક્તિ આવી જાય છે.

બધાં સંતો, દિગંબર મુનિઓ, આચાર્યો એક રીતે જ વાત કરે છે. બધાંની કથન-પદ્ધતિ જુદી હોય પણ વસ્તુના એક પ્રવાહને બતાવી રહ્યાં છે. વસ્તુના અનાદિ પ્રવાહને અનુભવ્યો છે અને તે પ્રવાહ અનુસાર જ કથન કર્યા છે.

મુનિરાજ વર્તમાન બિરાજતા ભગવાનને વર્તમાન નિર્વિકલ્પ શાંતિ દ્વારા નમસ્કાર કરે છે. જુઓ ! મુનિરાજને પ્રમોદ કેટલો છે ! હું પણ મારા વર્તમાન જ્ઞાનમાં એકાગ્રતા દ્વારા સ્વસંવેદન જ્ઞાન વડે પરમાર્થ સિદ્ધ-મારા આત્માની ભક્તિ કરું છું.

પરમાર્થ આત્માને પરમાર્થે નમસ્કાર કરું છું એટલે પરમ પદાર્થ જે મારો શુદ્ધાત્મા તેને પરમાર્થે એટલે ખરેખર-નિશ્ચયથી હું નમસ્કાર કરું છું. લોકો પરમાર્થ એટલે બીજાની દયા પાળવાનું કહે છે તેની અહીં વાત નથી.

આહાહા....! આચાર્યોએ પણ કાંઈ કામ કર્યા છે ! ગાથા દીઠ ભાવ ફેરવતા જાય છે અને વસ્તુસ્થિતિને ખડી કરતાં જાય છે.

મનુષ્યક્ષેત્ર અઢીદ્વીપમાં જ છે, એટલે ૪૫ લાખ જોજનમાં જ મનુષ્યો વસે છે, તેમાં એક ભરતક્ષેત્ર અને પાંચ મહાવિદેહ ક્ષેત્ર છે. એક મહાવિદેહ જંબૂદ્વીપમાં છે. બે મહાવિદેહ ધાતકીખંડમાં છે અને બે મહાવિદેહ અર્ધ પુષ્કરર્દ્વીપમાં છે. વર્તમાનમાં દરેક મહાવિદેહમાં ચાર-ચાર તીર્થંકર ભગવાન બિરાજે છે. કુલ ૨૦ તીર્થંકર છે.

આ ગાથામાં પાંચ મહાવિદેહ ક્ષેત્ર છે—એમ સિદ્ધ થયું અને સીમંધરાદિ તીર્થંકરો બિરાજે છે તે પણ સિદ્ધ થાય છે.

સીમંધર એટલે સીમં નામ પોતાની અનંત જ્ઞાન-દર્શન આદિ પર્યાયની સીમાના ધર એટલે ધરનારા છે, તે સીમંધર છે. તે સીમંધરાદિ ભગવંતો શું કરી રહ્યાં છે ? —

વીતરાગ પરમ સામાયિકચારિત્રની ભાવનાથી સંયુક્ત, જે નિર્દોષ પરમાત્માના યથાર્થ શ્રદ્ધા–જ્ઞાન–આચરણરૂપ અભેદરત્નત્રયમયી નિર્વિકલ્પ સમાધિરૂપી અગ્નિમાં કર્મરૂપી ઇંધનને હોમી રહ્યા છે એટલે કે કર્મને અકર્મરૂપે કરતાં થકાં પોતાની સમાધિમાં સ્થિત થઈ રહ્યાં છે.

કેવળજ્ઞાની ભગવાનને જ્ઞાન તો પૂર્ણ ખિલી ગયું છે પણ હજુ થોડો ઉદયનો અશુદ્ધભાવ છે, તે ક્ષણે–ક્ષણે ટળાતો જાય છે અને શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે. તીર્થંકર અરિહંત છે તેને વાણી છૂટે છે, કર્મનો સંબંધ પણ છે અને સમયે–સમયે કર્મોનો નાશ થતો જાય છે અને શુદ્ધિ વધતી જાય છે તેથી પર્યાયે–પર્યાયે નિર્મળતા વધતી જાય છે. આવી જ ભગવાનની પર્યાયની સ્થિતિ છે. આચાર્યો પણ દ્રવ્ય, ગુણ, પર્યાયની જેવી જેવી સ્થિતિ છે તેનું બરાબર વર્ણન કરતાં કરતાં નમસ્કાર કરતાં જાય છે. ગજબ શૈલી છે!

આહાહા....! ભૂત, ભવિષ્ય અને વર્તમાન સિદ્ધોને નમસ્કાર કરનારના જ્ઞાનની એક સમયની પર્યાયનો કેટલો વિકાસ થયો છે કે ત્રણકાળના અનંતા સિદ્ધોનો તેના જ્ઞાનમાં ભરોસો આવી ગયો છે—કબૂલાત થઈ ગઈ છે.

આ ગાથાનું તાત્પર્ય એ છે કે એક નિર્વિકલ્પ સમાધિ જ આદરવા યોગ્ય છે એટલે પોતાના શુદ્ધ જ્ઞાન–દર્શનસ્વભાવના આશ્રયે પ્રગટેલી શાંતિ જ આદરણીય છે.

હવે ચોથી ગાથામાં યોગીન્દુદેવ નિર્વાણમાં વસતાં સિદ્ધોને નમસ્કાર કરે છે. તે સિદ્ધ કેવા છે? કે—ત્રણલોકના ગુરુ છે તોપણ સંસાર–સમુદ્રમાં પડતાં નથી. મહાન શક્તિ પ્રગટ થઈ છે એટલે સંસારમાં પાછા આવે તો વાંધો નહિ—એમ ન હોય. નીચેના ગુણસ્થાનમાં પણ એકવાર સ્વરૂપની દૃષ્ટિ થઈ ગયા પછી જીવ પાછો પડતો નથી તો પછી જેને પૂર્ણાનંદ પ્રગટ થઈ ગયો છે તે કેમ પાછો પડે? ન જ પડે. લોકો માને છે કે ભગવાન અવતાર ધારણ કરે છે. તે માન્યતા તદ્દન જૂઠી છે. ત્રણકાળમાં કદી એમ બનતું નથી. પોતાની ઉન્નતિક્રમમાં ચડેલાં જીવ કોઈ તીર્થંકર થાય અને પાત્ર જીવને તરવાનું નિમિત્ત બને એ જુદી વાત છે પણ સિદ્ધ થયાં પછી પાછા સંસારમાં અવતાર ધારણ કરે એમ ન બને.

લોખંડ જેવી ભારે વસ્તુ સમુદ્રમાં ડૂબી જાય છે પણ ત્રૈલોકય ગુરુ એવા ભારે ભગવાન સંસાર–સમુદ્રમાં ડૂબતાં નથી

પૂર્વે જે તીર્થંકર પરમદેવ તથા ભરત ચક્રવર્તી, સગર ચક્રવર્તી, રામ, પાંડવ આદિ અનેક જીવો વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનના બળથી નિજશુદ્ધાત્મસ્વરૂપને પામીને અને કર્મોનો નાશ કરીને પરમ સમાધાનરૂપ નિર્વાણપદમાં બિરાજી રહ્યાં છે તેમને હું

વંદન કરું છું. નિર્વાણપદને પરમ સમાધાનરૂપ કેમ કહ્યું કે દુનિયામાં ગમે તેટલો ફેરફાર થાય કે ભગવાનને પૂજનારા જીવોમાં કાંઈ ફેરફાર થાય તોપણ ભગવાનને કાંઈ વિકલ્પ ઉઠતો નથી. પરમ સમાધાન વર્તે છે. ટોડરમલજીએ પણ સિદ્ધભગવાન રાગ-દ્વેષ કરતાં નથી એ વિષયમાં ઘણું વર્ણન કર્યું છે.

આ ગાથામાં તીર્થંકરપણા વગર રામ, ભરત આદિ જે અનંતા જીવો સિદ્ધ થઈ ગયા તેમને બધાંને એકસાથે નમસ્કાર કર્યા છે. તે દરેક જીવો લોકાલોકને જાણતાં થકાં સિદ્ધપદમાં બિરાજી રહ્યા છે.

તે સિદ્ધ કેમ થયાં કે નિર્વિકલ્પ ધ્યાન વડે આઠ કર્મોને બાળીને સિદ્ધ થયા છે. જેમ કેરી પાકી જાય એટલે ડીટીયું આપોઆપ ખરી જાય છે, તેમ આત્માનું ધ્યાન કરતાં કર્મો આપોઆપ ખરી જાય છે.

પાંચમી ગાથામાં મુનિરાજ લોકાગ્રે બિરાજમાન સિદ્ધોને નમસ્કાર કરે છે કે જે ભગવાન વ્યવહારનયથી લોકાલોકને જાણી રહ્યાં છે તોપણ, શુદ્ધનિશ્ચયનયથી પોતાના સ્વરૂપમાં જ સ્થિત છે. દરેક આત્મામાં એક સમયમાં પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય અને પરના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાની એટલે કે લોકાલોકને જાણવાની શક્તિ પડી છે. સિદ્ધને તે પ્રગટ થઈ ગઈ છે તેથી ભગવાન એક સમયમાં આખા લોકાલોકને જાણે છે. આ લોકાલોકના જ્ઞાનને જો કોઈ કાઢી નાખે—ન સ્વીકારે તો તેણે આત્મદ્રવ્યનો જ સ્વીકાર કર્યો નથી.

સિદ્ધ ભગવાનની પર્યાય લોકાલોકને જાણે છે પણ તેમાં તન્મય નથી માટે તેને વ્યવહાર કહ્યો છે અને પોતાની પર્યાયને પોતે સીધી જાણે છે—તન્મય થઈને જાણે છે માટે તેને નિશ્ચય કહ્યો છે.

આ તો ભાઈ! લહલહતા શીરા પીરસાય છે. તે જ ખાવા જેવા છે—અનુભવવા જેવા છે.

કેટલાંકને એમ પ્રશ્ન થાય છે કે સિદ્ધ થયાં પછી પણ લોકાલોકનું જ્ઞાન હોય તો તો કેટલી ઉપાધિ રહે! અહીં બે પાંચ ઘરનું ધ્યાન રાખીએ છીએ ત્યાં કંટાળી જઈએ છીએ તો સિદ્ધને કેટલી ઉપાધિ?—અરે ભાઈ! સિદ્ધને ઉપાધિ નથી. જ્ઞાનનો જે સ્વભાવ છે તે પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયો છે તે કોને ન જાણે! અને તે પણ ભગવાનને કાંઈ ઉપયોગ બહાર મૂકવો પડતો નથી. પોતાની પર્યાયમાં પૂરું સામર્થ્ય પ્રગટ થયું, તેમાં ઉપયોગ મૂકયાં વગર લોકાલોક જણાય છે. એવું જ પૂર્ણ પર્યાયનું સ્વરૂપ છે તેનાથી કોઈ વિરુદ્ધ માને તો તે આત્માને સમજતા નથી અને સિદ્ધને પણ સમજતા નથી, પાંચ પદને સમજતા નથી અને ભગવાનની આજ્ઞાને પણ સમજતા નથી. એ માટે જ આચાર્યદેવ આ વાતને સિદ્ધ કરે છે. એક એક ગાથા પ્રયોજન સહિત હોય છે.

[ક્રમશઃ]

—*—

# ઉપાદાનની સ્વતંત્રતા

(શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં–૪૦)

અહીં આપણે શ્રી ઇષ્ટોપદેશની ૩૫મી ગાથા ચાલે છે. તેમાં ઉપાદાનથી જ કાર્ય થાય છે, તે સમયે અન્ય દ્રવ્ય તો કેવળ નિમિત્તમાત્ર જ છે. એ વિષયની વાત ચાલે છે.

મૂર્ખ ન જ્ઞાની થઈ શકે, જ્ઞાની મૂર્ખ ન થાય,
નિમિત્તમાત્ર સૌ અન્ય તો, ધર્મદ્રવ્યવત્ થાય. ૩૫.

પૂજ્યપાદસ્વામી શિષ્યને દ્રષ્ટાંત આપીને સમજાવે છે કે જેનામાં ધર્મ પામવાની લાયકાત નથી એવા અજ્ઞાનીને લાખો તીર્થંકરોનો યોગ બને તોપણ તે સમજી શકતાં નથી. જેમ બગલાંને પોપટની જેમ પઢાવી શકાતો નથી કેમ કે તેનામાં એવી લાયકાત જ નથી. તેમ જેની પર્યાયમાં જે કાર્ય કરવાની લાયકાત ન હોય તેને લાખ તો શું પણ અનંત નિમિત્તો મળે તોપણ તે કાર્ય કરાવી શકતા નથી.

તે જ રીતે જે પોતાના સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાનમાં સ્થિત છે એવા જ્ઞાનીને લાખો પ્રતિકૂળતા પણ તેના જ્ઞાનથી ડગાવી શકતી નથી. આ ઉપરથી અહીં સિદ્ધ કરે છે કે કોઈ પણ પદાર્થના કાર્યમાં પરપદાર્થ અકિંચિત્કર છે.

ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને ગતિ કરવામાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે પણ ગતિરૂપ નહિ પરિણમતાં જીવ–પુદ્‌ગલને ધર્મદ્રવ્ય ગતિ કરાવી શકતું નથી.

આ ગાથા બહુ ઊંચી છે. લોકો પોકાર કરે છે કે નિમિત્ત ઉપાદાનમાં બળ આપે છે–મદદ કરે છે તેની સામે અમે પહેલેથી આ ગાથા મૂકીએ છીએ કે ઉપાદાનનાં કાર્યમાં અન્યપદાર્થ કેવળ નિમિત્તમાત્ર છે. તમે પોકાર કરો તો કરો પણ વસ્તુના સ્વરૂપમાં કાંઈ ફેરફાર થતો નથી.

આ સાંભળી શિષ્ય કહે છે કે મહારાજ! આપ તો નિમિત્તને ફોતરાંની માફક ઉડાડી દ્યો છો. જેમ દાણાને ઝાપટીને ફોતરાં કાઢી નાંખે છે તેમ આપ નિમિત્તને કાઢી નાંખો છો.

શિષ્યની શંકાનું સમાધાન કરતાં આચાર્યદેવ કહે છે કે ખરેખર નિમિત્ત અકિંચિત્કર જ છે. કોઈ પણ કાર્યના ઉત્પાદનમાં કે વિધ્વંસનમાં ગુરુ, મિત્ર કે વૈરી તો કેવળ નિમિત્તમાત્ર જ છે. વાસ્તવમાં કોઈ કાર્યના ઉત્પાદનમાં કે નાશમાં તેની યોગ્યતા જ

સાક્ષાત્ સાધક હોય છે. આ જગતની દરેક વસ્તુના દ્રવ્ય–ગુણ–પર્યાય માટે સામાન્ય સિદ્ધાંત છે.

માટીની યોગ્યતાથી જ ઘડો ઉત્પન્ન થાય છે, કુંભારથી નહિ. શું જડ કે ચેતન કોઈ પણ પદાર્થ પોતાની વર્તમાન અવસ્થાની ઉત્પત્તિ વિનાના હોય છે? નથી જ હોતા. તો પોતાથી ઉત્પન્ન અવસ્થાને બીજો શું કરી શકે? તેમ વસ્તુની પોતાની પૂર્વ અવસ્થાનો વ્યય થાય છે તેમાં બીજો પદાર્થ શું કરી શકે? પોતાનું જ્ઞાન થવામાં, દર્શન થવામાં, આનંદ થવામાં, વીર્ય પ્રગટાવવામાં પોતાનો આત્મા પોતાથી કામ કરે છે, પોતાની યોગ્યતાથી જ કાર્ય થાય છે.

દરેક દ્રવ્ય પોતપોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવમાં રહે છે. કોઈ કોઈનો સ્પર્શ પણ કરતાં નથી, તો એક બીજાનું કાર્ય કયાંથી કરે? સમયસારની ત્રીજી ગાથામાં આ વાત લીધી છે કે જડ ચેતન દરેક પદાર્થ પોત પોતાના ગુણને ચૂંબે છે–સ્પર્શે છે પણ કોઈ પદાર્થ અન્ય પદાર્થને ચૂંબતો નથી, સ્પર્શતો નથી.

દરેક દ્રવ્યનું ઉત્પાદ–વ્યયનું કાર્ય પોતાના સામર્થ્યથી થાય છે. નિમિત્તના સામર્થ્યથી કાર્ય ત્રણકાળમાં કદી થતું નથી. અહા! આ સિદ્ધાંત સમજે તો જીવને કેટલી શાંતિ થઈ જાય કે મારા જ્ઞાન, આનંદ અને સુખનું કાર્ય મારાથી જ થાય છે, તેમાં સ્ત્રી, પુત્ર, પરિવાર, પૈસા, આબરૂ–કીર્તિ આદિ કાંઈ બગાડ–સુધાર કરી શકતાં નથી. મારા જ્ઞાન–આનંદના કાર્યમાં પરપદાર્થ બિલકુલ અકિંચિત્કર છે તેથી સ્ત્રી–કુટુંબ મળે, પૈસા મળે તો મને આનંદ થાય એ વાત જ નથી.

પ્રશ્નઃ—પરીક્ષામાં પા થાય ત્યારે આનંદ થાય છે તે પાસ થયો માટે થયોને! ભાઈ! ત્યારે જે આનંદ થાય છે તે પોતાના આનંદગુણનું વિપરીત કાર્ય છે, તે પોતાના સામર્થ્યથી જ થયું છે.

જેને પોતાના સ્વભાવનો નિર્ણય થાય છે તેને મારો આનંદ મારાથી જ થાય છે–મારામાં જ આનંદરૂપે પરિણમવાની યોગ્યતા છે, કોઈ પરદ્રવ્ય મને આનંદ કરાવી દેતાં નથી એવો નિર્ણય થઈ જાય છે તેથી તેને આનંદ માટે અનંતા પરદ્રવ્ય ઉપરથી દૃષ્ટિ ઉઠી જાય છે. એક સ્વભાવ ઉપર જ દૃષ્ટિ રહે છે.

જેમ પોતાનો આનંદ પ્રગટ કરવાનું પોતામાં સામર્થ્ય છે, તેમ પરદ્રવ્ય મને અનુકૂળ છે અને પરદ્રવ્ય મને પ્રતિકૂળ છે એવી મિથ્યાકલ્પના દ્વારા પોતાના આનંદને બગાડવાની એટલે દુઃખી થવાની યોગ્યતા પણ પોતામાં જ છે. કર્મ જીવને દુઃખી કરાવતું નથી.

આવા સ્વરૂપનો નિર્ણય ન કરે તો પોતાની વિપરીત માન્યતા રૂપ મિથ્યાદૃષ્ટિ જ પોતાને દુઃખી કરે છે–અનંત સંસારમાં રખડાવે છે.

આમ, કોઈ પણ કાર્યમાં સુધાર કે બગાડમાં તેની યોગ્યતા જ સાક્ષાત સાધક છે. તો પ્રશ્ન થાય કે યોગ્યતા સાક્ષાત સાધક છે, તો પરંપરા સાધક કોઈ હશે ને? તો કહ્યું છે કે નિમિત્તને પરંપરા સાધક વ્યવહારનયથી કહેવાય છે. પણ વ્યવહારનો અર્થ જ એ છે કે ન હોય તેને કહે એટલે નિમિત્ત સાધક ન હોવા છતાં પરંપરા સાધક કહેવો તે વ્યવહાર છે.

એકસાથે ગતિરૂપ પરિણામની ઉન્મુખ થયેલાં અનેક પદાર્થ એટલે એક યા અનેક જીવ, તૈજસ શરીરના પરમાણુ, કાર્મણના પરમાણુ અને ઔદારિકના પરમાણુને ગતિ કરવામાં સાક્ષાત્ કારણ તે પદાર્થોની ગમનશક્તિ જ છે એટલે ગમન કરવા ઉન્મુખ થયેલી પર્યાય જ ગતિનું કારણ છે તેમાં ધર્મદ્રવ્ય તો કેવળ નિમિત્તમાત્ર છે.

જેની પર્યાયમાં જે સમયે જે કાર્ય થવાની યોગ્યતા હોય તે કાર્ય થાય છે તેમાં યથાર્થ કારણ પોતાની પર્યાયની યોગ્યતા છે અને આરોપિત કારણ નિમિત્ત છે.

બે પરમાણુમાં એક પરમાણુની પર્યાય કાળી હોય અને એકની પર્યાય લીલી હોય તો તેનું કારણ શું? દ્રવ્ય-ગુણ તો બંનેના સમાન છે, છતાં પર્યાય જુદી જુદી છે માટે નક્કી થાય છે કે પર્યાયનું કારણ ત્રિકાળી દ્રવ્ય નથી, પર્યાય પોતાની વર્તમાન યોગ્યતા મુજબ થાય છે—એવી સ્વતંત્રદૃષ્ટિ જ્યારે થાય ત્યારે મારો આત્મા ત્રિકાળ આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં પર્યાયમાં આનંદ પ્રગટ થાય તે સ્વતંત્રતાનું ફળ છે.

આ કોઈ વાતો કરવાની વાત નથી. એક એક સિદ્ધાંતમાંથી વીતરાગતા કાઢે તો પોતાને લાભ થાય. મારું દ્રવ્ય સ્વતંત્ર છે, એવા નિર્ણયપૂર્વક સ્વસન્મુખતાનો પુરુષાર્થ કામ કરે ત્યાં આનંદના અનુભવનો લાભ થાય છે તે સ્વતંત્રતાના કાર્યનો લાભ છે. આ સ્વતંત્રતા નક્કી થતાં, મને પંચમકાળ અટકાવે છે કે કર્મ અટકાવે છે કે પૂર્વના ઉલટા સંસ્કાર મારા કાર્યને અટકાવે છે એવી કોઈ વાત રહેતી નથી.

ભગવાન આત્મા પોતાના સામર્થ્યથી નિર્વિકારી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કરવા તૈયાર થાય છે ત્યાં રાગ, વ્યવહાર કે સંયોગ તેને રોકી શકતાં નથી. આત્મા પોતે જ પોતાના સ્વભાવની દૃષ્ટિપૂર્વક આનંદની સન્મુખતાથી પોતાનું કાર્ય પર્યાયમાં પ્રગટ કરે છે, તેમાં વ્યવહાર દયા-દાનાદિના વિકલ્પ શું મદદ કરે? વ્યવહાર નિશ્ચયમાં શું કરી શકે? માટે મંદકષાયથી શાંતિ થાય એ વાત તદ્દન જૂઠી છે.

હું અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા છું. એવી દૃષ્ટિ થતાં શરીરમાં, વિષયમાં, પુણ્યપરિણામમાં કે મંદકષાયમાં આનંદ છે એવી બુદ્ધિ છૂટી જાય છે.

ઉપાદાનનું કાર્ય ઉપાદાનથી જ થાય છે. નિમિત્ત તેમાં કાંઈ ફેરફાર કરી શકતું નથી અજ્ઞાનીને કોઈ જ્ઞાની બનાવી શકતું નથી અને જ્ઞાનીને કોઈ અજ્ઞાની બનાવી

શકતું નથી. ત્રણકાળ ત્રણલોકમાં દરેક પદાર્થ પોતાની પર્યાયમાં પરિણમી રહ્યો છે તેમાં બીજો કોઈ પદાર્થ મદદ કરી શકતો નથી.

આમ હોવા છતાં, નિશ્ચય પ્રગટ થાય છે તેને વ્યવહાર આવ્યા વગર રહેતો નથી એટલે પોતાને ધર્મ પ્રગટ થવામાં જે નિમિત્ત હોય એવા ગુરુ આદિના બહુમાન, સેવા આદિના ભાવ આવ્યા વગર રહેતા નથી. માટે વ્યવહારથી ગુરુની સેવા કરવી જોઈએ.

હવે શિષ્ય કહે છે કે મહારાજ ! નિમિત્તને ઉડાવીને આપે તો બધી જવાબદારી અમારી ઉપર નાંખી દીધી તો હવે અમારે ધર્મ પ્રગટ કરવા માટે અભ્યાસ કેવી રીતે કરવો એ તો કહો !

શિષ્યના પ્રશ્નના જવાબમાં ગુરુ કહે છે કે પોતાના સ્વરૂપનો વારંવાર વિચાર કરવો કે મારો ભગવાન આત્મા શરીરથી ભિન્ન છે, રાગાદિ વિકલ્પથી ભિન્ન છે અને એક સમયની પ્રગટ પર્યાય જેવડો પણ મારો આત્મા નથી.

આત્માના જિજ્ઞાસુએ અભ્યાસ કરવો જોઈએ એ વાત તો પ્રસિદ્ધ જ છે. હવે તે અભ્યાસ માટે સ્થાન કેવું જોઈએ, નિયમાદિ કેવા હોય તેના ઉપદેશ સાથે અનુભવનું પણ વર્ણન કરે છે.

ક્ષોભ રહિત એકાંતમાં સ્વરૂપ સ્થિર થઈ ખાસ,
યોગી તજી પરમાદને કરે તું તત્ત્વાભ્યાસ. ૩૬.

પ્રથમ જેના ચિત્તમાં ક્ષોભ હોય તે આત્માનો અભ્યાસ કરી શકતો નથી. હું આમ કરું ને તેમ કરું એવા વિકલ્પરૂપ ક્ષોભને, હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા છું એવી દૃઢતા વડે દૂર કરવો. એ પહેલો ઉપાય છે.

મારો આત્મા અખંડ આનંદસ્વરૂપ ચૈતન્યસૂર્ય છે એવી આત્મામાં દૃષ્ટિ સ્થિર થઈ જવી જોઈએ. દૃષ્ટિમાં આત્માનો સ્વીકાર હોવો જોઈએ. જેને હજુ સ્ત્રીમાંથી સુખ મળશે, ધનમાંથી સુખ મળશે, લાડવામાંથી સુખ મળશે એવી દૃષ્ટિ હોય તેની દૃષ્ટિ આત્મામાં સ્થિર થતી નથી. પરપદાર્થની અનુકૂળતામાં જેને ઠીક લાગે છે અને પ્રતિકૂળતામાં દુઃખ લાગે છે તેને સ્વભાવમાં જ આનંદ છે એવી બુદ્ધિનો અભાવ છે.

શરીર નિરોગ હોય તો મને સુખ થાય એવી માન્યતા તે ચિત્તનો ક્ષોભ છે. બુદ્ધિનો વિપર્યાસ છે. સાધુ થઈને પણ જે મને બહારની બધી અનુકૂળતા હોય, શિષ્યો સારા હોય, ઉનાળામાં ઠંડી હવા મળે તો મારું ધ્યાન જામે એવી બુદ્ધિ રાખે છે તેની દૃષ્ટિ વિપરીત છે, તે આત્માનો અભ્યાસ કરી શકતા નથી.

અહીં તો જેના ચિત્તમાં ક્ષોભ ન હોય અને દૃષ્ટિમાં વિપરીતતા ન હોય એવા જીવો જ પોતાના સ્વભાવને સાધી શકે છે એ વાત લીધી છે.

આત્માના સ્વરૂપના અભ્યાસ માટે સ્થાન એકાંત હોય છે, બહારથી કોલાહલ રહિત એકાંતસ્થાન અને અંતરમાં વિકલ્પના કોલાહલથી રહિત એકાંત સ્થાનમાં યોગીઓ સાવધાનીપૂર્વક આત્માના સ્વરૂપનો અભ્યાસ કરે છે.

અહીં લૌકિક અભ્યાસ કે શાસ્ત્ર-અભ્યાસની વાત નથી. ભગવાન આત્મા પોતે જ્ઞાન-સ્વરૂપ છે, તેના અભ્યાસની વાત છે કે જે અભ્યાસના ફળમાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

પહેલાં દૃઢ વિશ્વાસ હોવો જોઈએ કે હું જ કેવળજ્ઞાનનો કંદ છું અને હું મારા સ્વરૂપમાં એકાગ્રતાના અભ્યાસ વડે તે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શકું છું. તેમાં મને આખી દુનિયામાં કોઈ ડખલ પણ કરી શકતું નથી અને મદદ પણ કરી શકતું નથી.

જુઓ! પોતાના આત્માના સ્વરૂપનો અભ્યાસ કરવાનું કહ્યું છે. અરિહંત, સિદ્ધના સ્વરૂપની વાત નથી કરી. મનુષ્યદેહમાં કરવાનું કાર્ય આ એક જ છે—પોતાના સ્વરૂપનો અભ્યાસ કરવો. દુનિયાને આ તત્ત્વ સમજાવવાનો અભ્યાસ પહેલાં કરી લઉં એ વાત નથી. પોતાનો અભ્યાસ કરવો તે જ મૂળ કાર્ય છે.

દુનિયા આ માને કે ન માને, જાણે કે ન જાણે, તેની સાથે મારે કાંઈ સંબંધ નથી. એવી દૃષ્ટિ હોવી જોઈએ.

ભગવાન! તારી ચીજ તો તારી પાસે છે ને પ્રભુ! તારે તો સ્વભાવ તરફ દૃષ્ટિ કરવાની છે. ભગવાન કહે છે કે મારી સન્મુખ દૃષ્ટિ કરવાથી તને તારા સ્વભાવની સન્મુખતા નહિ થાય.

જેના ચિત્તમાં વિક્ષેપ નથી અને રાગાદિ વિકલ્પ નથી તથા હેય-ઉપાદેય તત્ત્વોનું જેવું સ્વરૂપ ગુરુએ બતાવ્યું છે તેમાં જેની બુદ્ધિ નિશ્ચલ થઈ ગઈ છે એવા યોગી આત્માનો અભ્યાસ કરી શકે છે.

શિષ્ય હેય-ઉપાદેય તત્ત્વોના બે ભાગ પાડી દે છે કે રાગ, નિમિત્ત આદિ બધાં પરપદાર્થ મારા આતમરામથી ભિન્ન છે માટે હેય છે-ઉપેક્ષણીય છે, લક્ષ કરવા યોગ્ય નથી અને મારા ચિદાનંદસ્વરૂપમાં લક્ષ કરવું તે ઉપાદેય છે, આદરણીય છે એવી દૃષ્ટિ શિષ્યે નિશ્ચલ કરી છે. ગુરુએ હેય-ઉપાદેય તત્ત્વોનું સ્વરૂપ બતાવ્યું, તેનો શિષ્યે બરાબર ભાવ પકડી લીધો છે. તેથી તેને નિમિત્ત કે રાગ મને કાંઈક મદદ કરશે એવી શંકા થતી નથી.

એક સમયમાં ધ્રુવ ચિદ્‌ઘન પરમસ્વરૂપ નિજ પરમાત્મા જ સાધ્ય છે—સાધવા યોગ્ય છે-ધ્યાનમાં લેવા યોગ્ય ધ્યેય છે એવા સાધ્યમાં જે યોગી કાયોત્સર્ગ આદિ દ્વાર લીન થયાં છે તે ખરેખર સાચો અભ્યાસ કરી રહ્યાં છે. દરેકે ચિત્તને સ્થિર કરીને સ્વભાવની દૃષ્ટિપૂર્વક આવું ધ્યાન કરવું તે જ કર્તવ્ય છે. [ક્રમશઃ

—૦—

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ લોક અનુપ્રેક્ષા છે. લોકમાં રહેલા જીવદ્રવ્યનું આ વર્ણન ચાલે છે. લોકમાં અનંતા જીવો છે. તેમાં પર્યાયથી શુદ્ધ જીવો પણ છે, અશુદ્ધ પણ છે. બધાય જીવો સર્વથા શુદ્ધ છે એમ નથી ને બધાય જીવો અશુદ્ધ છે એમ પણ નથી. અહીં પર્યાયમાં જીવને શુદ્ધતા અને અશુદ્ધતા છે તેનું નિમિત્ત બતાવે છે.

**सव्वे कम्मणिवद्धा संसरमाणा अणाइकालह्हि ।**
**पच्छा तोडिय बंधं सुद्धा सिद्धा धुवा होंति ॥२०२॥**

અર્થ:—બધાય જીવો અનાદિકાળથી કર્મોથી બંધાયેલા છે તેથી તેઓ સંસારમાં પરિભ્રમણ કરે છે અને એ કર્મોના બંધનોને તોડી સિદ્ધ થાય છે ત્યારે તેઓ શુદ્ધ અને નિશ્ચળ થાય છે. ૨૦૨.

જીવે પોતે ભૂલ કરી ત્યારે 'કર્મથી બંધાયેલા છે' એમ ઉપચારથી કહ્યું. પોતે પોતાની અશુદ્ધતાથી રખડે છે, તેમાં કર્મ નિમિત્ત છે અને તે કર્મનો નાશ જીવ કરે છે એ પણ ઉપચારથી છે. તેમ જ જીવ અશુદ્ધતાનો નાશ કરે છે—એમ કહેવું તે પણ વ્યવહાર છે. જે સમયે અશુદ્ધતા છે તે સમયે તેનો નાશ કરે એમ બનતું નથી, પણ શુદ્ધ સ્વભાવના આશ્રયે શુદ્ધતાનો ઉત્પાદ થતાં અશુદ્ધતાનો ઉત્પાદ થતો નથી અને પૂર્વકર્મ તેના કારણે ટળી જાય છે અને ત્યારે જીવ સર્વથા શુદ્ધ-મુક્ત-સિદ્ધ થાય છે.

આગળ જે બંધનથી જીવ બંધાયેલો છે તે બંધનનું સ્વરૂપ કહે છે:—

**जो अण्णोण्णपवेसो जीव पएसाण कम्मखंधाणं ।**
**सव्व बंधाण वि लओ सो बंधो होदि जीवस्स ॥२०३॥**

અર્થ:—જીવના પ્રદેશોનો અને કર્મોના બંધનો પરસ્પર પ્રવેશ થવો અર્થાત્ એક-ક્ષેત્રરૂપ સંબંધ થવો તે જીવને પ્રદેશબંધ છે અને તે જ પ્રકૃતિ, સ્થિતિ તથા અનુભાગરૂપ સર્વ બંધનું પણ લય અર્થાત્ એકરૂપ હોવું છે. ૨૦૩.

આત્માના અસંખ્ય પ્રદેશો છે, તેની સાથે એકક્ષેત્રે કર્મ પરમાણુઓ રહે છે તે પ્રદેશબંધ છે, જીવને ખરેખર બંધન તો અશુદ્ધભાવનું છે. ત્યાં નિમિત્ત તરીકે દ્રવ્યકર્મનું બંધન છે. કર્મ પરદ્રવ્ય છે ને જીવ પરદ્રવ્ય છે. તેમને સંબંધ કહેવો તે ફક્ત નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું કથન છે; કોઈને કારણે કોઈ પરનું કાંઈ થાય એમ બનતું નથી. જીવ

અને કર્મ કાંઈ એકરૂપ થઈ જતાં નથી, બન્ને જુદે-જુદા છે-એમ પૃથક્તાના ભાનપૂર્વક નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન થાય છે.

આગળ સર્વ દ્રવ્યોમાં જીવદ્રવ્ય જ ઉત્તમ પરમતત્વ છે એમ કહે છે :—

उत्तमगुणाण धामं सव्वदव्वाण उत्तमं दव्वं ।
तच्चाण परमतच्चं जीवं जाणेहि णिच्छयदो ॥२०४॥

અર્થ:—જીવદ્રવ્ય ઉત્તમગુણોનું ધામ છે—જ્ઞાનાદિ ઉત્તમગુણો એમાં જ છે, સર્વ દ્રવ્યોમાં એક આજ દ્રવ્ય પ્રધાન છે કારણ કે સર્વ દ્રવ્યોને જીવ જ પ્રકાશે છે, સર્વ તત્ત્વોમાં પરમતત્ત્વ જીવ જ છે અને અનંતજ્ઞાન—સુખાદિનો ભોક્તા પણ જીવ જ છે. એમ હે ભવ્ય! તું નિશ્ચયથી જાણ. ૨૦૪.

અહો! ભગવાન આત્મા સમસ્ત પદાર્થોમાં ઉત્તમ તત્ત્વ છે, તેને જ દૃષ્ટિમાં લેવા જેવો છે. જ્ઞાન-આનંદ વગેરે ઉત્તમ ગુણો જીવ સિવાય બીજા કોઈ દ્રવ્યમાં નથી, જીવમાં જ જ્ઞાનાદિ અનંતગુણો છે. છ એ દ્રવ્યો પોતપોતાના સ્વભાવે પરિપૂર્ણ છે, પણ તેને જાણનાર જીવ છે. તેથી જીવ જ ઉત્તમ દ્રવ્ય છે. જીવને પોતાનો આત્મા જ ઉત્તમ દ્રવ્ય છે, પોતાને માટે બીજો આત્મા પણ ઉત્તમ દ્રવ્ય નથી; સર્વજ્ઞદેવની પ્રતીતિ કોણે કરી? જીવે કરી, માટે ખરેખર બધાય દ્રવ્યોમાં આત્મા જ મુખ્ય છે. સ્વદ્રવ્ય વિના પરને પ્રકાશે કોણ? સાત તત્ત્વોમાં જીવ જ મહાતત્ત્વ છે. અજીવ તત્ત્વ ઉત્તમ નથી, તે તો જડ છે. જીવતત્ત્વથી ઉત્તમ બીજું કોઈ તત્ત્વ નથી. અનંત-જ્ઞાન-દર્શન-આનંદનો અનુભવ કરનર જીવ જ છે—એમ હે ભવ્ય! તું જાણ! પોતાના અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ વગેરેનો ભોગવટો કરે છે તેથી જીવ જ પરમ તત્ત્વ છે. આમ જાણીને ધર્મી જીવ પોતાના આત્માની જ ભાવના ભાવે છે. વીતરાગ સર્વજ્ઞદેવ ઉત્તમ છે. અરિહંત, સિદ્ધ, સાધુ, ને કેવળી કથિત ધર્મ એ ચાર લોકમાં ઉત્તમ છે. પણ તેમ જાણ્યું કોણે? જીવ વિના કોણ જાણે? માટે પરમાર્થે પોતાનો આત્મા જ ઉત્તમતત્ત્વ છે. એમ જાણીને તેની ભાવના કરવી.

આગળ જીવનું જ ઉત્તમતત્ત્વપણું શાથી છે તે કહે છે :—

अंतरतच्चं जीवो बाहिरतच्चं हवंति सेसाणि ।
णाणविहीणं दव्वं हियाहियं णेय जाणादि ॥२०५॥

અર્થ:—જીવ છે તે અંતરતત્ત્વ છે તથા બાકીનાં બધાય દ્રવ્યો બાહ્યતત્ત્વ છે—જ્ઞાનાદિ રહિત છે અને જ્ઞાનરહિત જે દ્રવ્ય છે તે હેય-ઉપાદેય વસ્તુને કેમ જાણે? ૨૦૫.

પોતાનો આત્મા જ અંતરતત્ત્વ છે, બાકીનાં બધાય બાહ્યતત્ત્વ છે. જીવતત્ત્વ વિના સ્વપરના અસ્તિત્વને કોણ જાણે? જ્ઞાન વગરનું બધું શૂન્યવત્ છે કેમ કે જ્ઞાન જ બધાના

અસ્તિત્વને જાણે છે. જગતમાં તો બધા પદાર્થો છે પણ જ્ઞાન વગર તેનું હોવાપણું નક્કી કોણ કરે? જ્ઞાનના અસ્તિત્વમાં પરનું અસ્તિત્વ જણાય છે. જીવતત્ત્વ જ બધાનો પ્રકાશક છે ને હેય-ઉપાદેયનો વિવેક કરનાર છે. તેથી તે જ પરમતત્ત્વ છે. 'પર છે' એમ નક્કી કરનારું જ્ઞાન છે. માટે જ્ઞાનનું અસ્તિત્વ નક્કી કર્યા વગર પરના અસ્તિત્વને જાણશે કોણ? સર્વને જાણનાર જીવતત્ત્વ છે, તેના વગર બધું શૂન્ય છે, માટે સર્વને જાણીને હેય-ઉપાદેયનો વિવેક કરનાર એવું જીવતત્ત્વ જ એક પરમતત્વ છે, તે જ ઉપાદેય છે.

એ પ્રમાણે લોકના સમસ્ત પદાર્થોમાં ઉત્તમ એવા જીવતત્ત્વનું વર્ણન કર્યું. હવે પુદ્ગલદ્રવ્યનું સ્વરૂપ કહે છે:—

**सव्वो लोयायासो पुग्गलदव्वेहिं सव्वदो भरिदो ।**
**सुहमेहिं वायरेहिं य णाणाविहसत्तिजुत्तेहिं ॥२०६॥**

અર્થ:—સર્વ લોકાકાશ, સૂક્ષ્મ—બાદર, પુદ્ગલોથી સર્વ પ્રદેશોમાં ભરેલું છે, કેવા છે તે પુદ્ગલદ્રવ્યો? નાના પ્રકારની શક્તિઓ સહિત છે. ૨૦૬.

પુદ્ગલદ્રવ્યમાં તેની પોતાની અનંતી શક્તિ છે. તેનામાં કર્મરૂપ અવસ્થા થઈ તે જીવના વિકારને લીધે થઈ નથી, પણ તેની પોતાની પરિણમન શક્તિથી જ તે અવસ્થા થઈ છે. શરીર-મન-વાણી-કર્મ વગેરે અનેક પ્રકારની અવસ્થાપણે પરિણમવાની પુદ્ગલની જ શક્તિ છે, કોઈ બીજાના કારણે તેઓ પરિણમતા નથી. જુઓ, પુદ્ગલમાં અનંતી શક્તિઓ છે, પણ તે પુદ્ગલને પોતાની શક્તિની ખબર નથી. તેની શક્તિને પણ જાણનારો તો જીવ છે. છતાં જીવને લીધે પુદ્ગલની શક્તિઓ નથી. તીર્થંકરપ્રકૃતિ બંધાય ને પરમ ઔદારિક શરીર રચાય તે બધી અવસ્થા પુદ્ગલની જ પરિણમન શક્તિથી થાય છે, જીવના શુભરાગને લીધે તે અવસ્થા થતી નથી.

જુઓ, આ લોકનાં દ્રવ્યોનું સ્વરૂપ! આવા સ્વરૂપને ધર્મી જીવ વિચારે છે.

વિધવિધ શરીર, વિધવિધ ભાષા, વિધવિધ કર્મ-એવી અનેક પ્રકારની અવસ્થાઓ જગતમાં થાય છે, તે બધી અવસ્થાઓને કોણ કરે છે?-કે પુદ્ગલની પરિણમન શક્તિથી જ તેવી અવસ્થાઓ થાય છે, જીવ તેને કરતો નથી. પુદ્ગલનું વર્ણન કરવામાં પહેલેથી જ એ વાત કરી કે પુદ્ગલદ્રવ્ય પોતે અનેક પ્રકારની પરિણમન શક્તિથી સહિત છે. "**नानाविधशक्तियुक्तैः**" એટલે કે પુદ્ગલદ્રવ્ય પોતે વિધવિધ અવસ્થારૂપે પરિણમવાની શક્તિવાળું છે. આ સિદ્ધાંત દરેક ઠેકાણે લક્ષમાં રાખવો.

**जं इंदिएहिं गिज्झं रूवरसगंधफासपरिणामम् ।**
**तं चिय पुग्गलदव्वं अणंतगुणं जीवरासीदो ॥२०७॥**

અર્થ:—જે રસ-રૂપ-ગંધ-સ્પર્શાદિ પરિણામસ્વરૂપથી ઇંદ્રિયોને ગ્રહણ કરવા યોગ્ય

છે તે સર્વ પુદ્‌ગલદ્રવ્ય છે અને તે સંખ્યા અપેક્ષાએ જીવરાશિથી અનંતગુણા દ્રવ્ય છે. ૨૦૭.

જગતમાં જીવોની સંખ્યા અનંત છે, ને પુદ્‌ગલોની સંખ્યા તેના કરતાં પણ અનંતગુણી છે:—

હવે પુદ્‌ગલ દ્રવ્યને જીવનું ઉપકારીપણું કહે છે:—

जीवस्स बहुपयारं उवयारं कुणदि पुग्गलं दव्वं ।
देहं च इंदियाणि य वाणी उस्सासणिस्सासं ॥२०८॥

અર્થ:—પુદ્‌ગલદ્રવ્ય, જીવને ઘણાં પ્રકારનો ઉપકાર કરે છે, દેહ કરે છે, ઇંદ્રિયો કરે છે, વચન કરે છે તથા ઉચ્છ્‌વાસ-નિશ્વાસ કરે છે. ૨૦૮.

'ઉપકાર' એટલે નિમિત્ત—એમ સમજવું. દેહ–મન–વાણી વગેરે પુદ્‌ગલની રચના છે, જીવને શરીરાદિનો સંયોગ થાય છે તે અપેક્ષાએ પુદ્‌ગલનો ઉપકાર કહ્યો છે. ઉપકારનો અર્થ કલ્યાણ કરી દે છે એમ નથી, 'મરણ'માં પણ પુદ્‌ગલનો ઉપકાર કહેશે, તો શું મારી નાખવામાં પણ ઉપકાર હોય? તેમાં પુદ્‌ગલનું નિમિત્ત છે તે અપેક્ષાએ ઉપકાર કહ્યો છે. જીવને ઇચ્છા થાય કે આમ બોલાય તો ઠીક, ને પુદ્‌ગલો ભાષારૂપે પરિણમે–ત્યાં પુદ્‌ગલનો ઉપકાર કહ્યો. સંસારીજીવ દ્રવ્યપ્રાણોથી વ્યવહારે જીવે છે, ને દ્રવ્યપ્રાણો તે પુદ્‌ગલમય છે, તેથી જીવને જીવવામાં પુદ્‌ગલનો ઉપકાર કહ્યો. દસપ્રાણ તથા રાગ–દ્વેષ–મોહ વગેરે ભાવોમાં જીવને પુદ્‌ગલદ્રવ્યનું નિમિત્તપણું છે, તે બતાવવા તેનો 'ઉપકાર' કહ્યો છે.

अण्णं पि एवमाई उवयारं कुणदि जाव संसारं ।
मोह अणाणमयं पि य परिणामं कुणइ जीवस्स ॥२०९॥

અર્થ:—ઉપર કહ્યા ઉપરાંત પુદ્‌ગલ દ્રવ્ય જીવને અન્ય પણ ઉપકાર કરે છે. જ્યાં સુધી આ જીવને સંસાર છે ત્યાં સુધી ઘણાં પરિણામ કરે છે. જેમકે—મોહપરિણામ, પરદ્રવ્યથી મમત્વપરિણામ, અજ્ઞાનમય પરિણામ તથા એ જ પ્રમાણે સુખ–દુઃખ જીવન–મરણ આદિ અનેક પ્રકારના (પરિણામ) કરે છે. અહીં 'ઉપકાર' શબ્દનો અર્થ કાંઈક વિશેષ પરિણામ કરે તે બધાય લેવા. ૨૦૯.

જુઓ, આ ઉપકાર!! મોહભાવ થાય તેમાં પણ પુદ્‌ગલનો ઉપકાર!! પુદ્‌ગલ કર્મ મોહમાં નિમિત્ત છે. મોહભાવ કરીને જીવને સંસારમાં રખડવામાં કર્મનો આશ્રય છે તેથી કર્મે તેના ઉપર ઉપકાર કર્યો! જે જીવને સંસારમાં રખડવું છે તેને રખડવામાં પુદ્‌ગલકર્મ નિમિત્ત થાય છે, માટે પુદ્‌ગલે તેના ઉપર ઉપકાર કર્યો! આ તો બધાં વ્યવહારના કથન છે. એક દ્રવ્ય બીજા દ્રવ્ય ઉપર ઉપકાર કરે એવાં જેટલા કથન છે તે બધાં વ્યવહારના કથન છે. વ્યવહારનય એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે મેળવીને કથન

કરે છે પણ તેવા જ શ્રદ્ધાનથી તો મિથ્યાત્વ થાય છે, કર્મ જીવને રખડાવે, એવું કથન તે પણ વ્યવહારથી છે. અહીં તો પુદ્ગલની ઓળખાણ આપવા માટેનું આ કથન છે. જીવના એકરૂપ સ્વભાવ પરિણામ ન રહે ને રાગ-દ્વેષ-મોહ વગેરે વિશેષ પરિણામો થાય તેમાં પુદ્ગલકર્મ નિમિત્ત છે, તેથી તે નિમિત્તપણું ઓળખાવવા અહીં એમ કહ્યું કે જીવના રાગ-દ્વેષ-મોહ વગેરે અનેક પ્રકારના પરિણામોને પુદ્ગલ કરે છે. એવો તેનો ઉપકાર છે. ઉપકાર એટલે જીવને વિકાર થવામાં નિમિત્ત.

જીવને સુખ-દુઃખની કલ્પના થાય તેમાં પુદ્ગલનો ઉપકાર છે, જીવન-મરણ, હર્ષ-શોક, એ બધા ભાવોમાં પુદ્ગલ નિમિત્ત છે. આયુષ્ય હોય ત્યાં સુધી જીવન રહે, ને આયુષ્ય ખૂટતાં મરણ થાય, એ રીતે જીવન-મરણ વગેરેમાં પુદ્ગલકર્મ નિમિત્ત છે. જીવનો આખો સંસાર પુદ્ગલના નિમિત્તથી છે. એ પ્રમાણે બધાય વિકારી પરિણામોમાં પુદ્ગલદ્રવ્ય નિમિત્ત થાય છે—એવી તેની શક્તિ છે.

વળી એક જીવ પણ બીજા જીવને ઉપકાર કરે છે—એટલે કે નિમિત્ત થાય છે. એ વાત બતાવે છે.

**जीवा वि दु जीवाणं उवयारं कुणइ सव्वपच्चक्खं ।**
**तत्थ वि पहाणहेओ पुण्णं पावं च णियमेण ॥२१०॥**

**અર્થ:—જીવ પણ (અન્ય) જીવોને પરસ્પર ઉપકાર કરે છે અને તે સર્વને પ્રત્યક્ષ જ છે. સરદાર ચાકરને, ચાકર સરદારને; આચાર્ય શિષ્યને, શિષ્ય આચાર્યને; માતાપિતા પુત્રને, પુત્ર માતાપિતાને; મિત્ર મિત્રને, સ્ત્રી ભરથારને ઇત્યાદિ પ્રત્યક્ષ જોવામાં આવે છે, ત્યાં એ પરસ્પર ઉપકારમાં પુણ્ય-પાપકર્મ નિયમથી પ્રધાન કારણ છે. ૨૧૦.**

ગુરુ શિષ્ય ઉપર ઉપકાર કરે, એટલે કે શિષ્યને સમજવામાં ગુરુ નિમિત્ત છે—એમ જગતમાં પ્રત્યક્ષ જણાય છે. એક જીવે બીજા જીવને બચાવ્યો, એક જીવે બીજાને માર્યો—એ બધા કથન છે તે નિમિત્તપણું બતાવવા માટે છે. નિમિત્ત છે એટલું સિદ્ધ કરવું છે. નિમિત્તે ઉપકાર કર્યો એમ ક્યારે કહેવાયું ? કે નૈમિત્તિક પર્યાય થઈ ત્યારે. એટલે નૈમિત્તિક કાર્ય વખતે બીજું નિમિત્ત હોય છે—એમ સમજવું, પણ એક તત્ત્વનો બીજા તત્ત્વમાં અભાવ છે, તે કાંઈ કરે નહીં. શિષ્યને સમ્યગ્જ્ઞાન ને વીતરાગતા થઈ, તે તેના સ્વકાળની પર્યાયથી થઈ છે, ત્યારે આચાર્યને નિમિત્ત કહેવાય છે. એ જ પ્રમાણે વૈયાવૃત્ય વગેરેમાં શિષ્ય આચાર્યને નિમિત્ત છે. માતા-પિતાએ પુત્ર ઉપર ઉપકાર કર્યો, મિત્રે મિત્ર ઉપર ઉપકાર કર્યો. આ બધું નિમિત્તનું કથન છે. જગતમાં નિમિત્ત છે. પણ નિમિત્તના લીધે કાર્ય થાય છે—એમ નથી. જગતમાં એક જીવ બીજા જીવને સુખ-દુઃખ વગેરેમાં નિમિત્ત થાય છે, પણ ક્યારે ? કે સામા જીવને તેના પાપ-પુણ્યની

યોગ્યતાથી તેવો સંયોગ થાય છે ત્યારે બીજા જીવને તેમાં નિમિત્ત કહ્યું. સુખ-દુઃખ વગેરેમાં પુણ્ય પાપ કર્મ તે પ્રધાન નિમિત્તકારણ છે, અને ત્યાં જ માતા-પિતા-શત્રુ-મિત્ર વગેરે જીવોને ઉપકારનું નિમિત્ત થાય છે. સામા જીવના પુણ્ય-પાપના ઉદય વિના કોઈ જીવ બીજાને નિમિત્ત થઈ શકે નહિ. સામા જીવને આહારાદિ મળવાના પુણ્યનો યોગ ન હોય તો કોઈ બીજો જીવ તેને આહારાદિ દેવામાં નિમિત્ત પણ થઈ શકે નહિ. માટે પુદ્ગલ કર્મ તે પ્રધાન કારણ છે. અહીં નિમિત્ત તરીકે પ્રધાન કારણ કોણ છે તે ઓળખાવ્યું છે. પણ નિમિત્તની પ્રધાનતાથી જીવનું કાર્ય થયું એમ નથી. કાર્ય તો સર્વત્ર ઉપાદાનની પ્રધાનતાથી જ થાય છે. પણ તેના અનેક નિમિત્તોમાં પ્રધાન નિમિત્ત કોણ છે તે અહીં ઓળખાવ્યું છે. જીવને આહાર મળ્યો તેમાં પ્રધાન નિમિત્ત તેના પૂર્વનાં પુણ્યનો ઉદય છે. આમ કહીને પુદ્ગલમાં નિમિત્ત થવાની શક્તિ છે તે બતાવ્યું છે, પણ નિમિત્ત કોને થાય? કે જેના ઉપાદાનમાં તેવી યોગ્યતા હોય તેને ઉપાદાન વગર નિમિત્ત કોનું થાય?

આગળ પુદ્ગલની પણ મોટી શક્તિ છે એ વાત કહે છે:—

**का वि अपुव्वा दीसदि पुग्गलदव्वस्स एरिसी सत्ती।**
**केवलणाणसहाओ विणासिदो जाइ जीवस्स ॥२११॥**

**અર્થ:—પુદ્ગલદ્રવ્યની પણ કોઈ એવી અપૂર્વ શક્તિ જોવામાં આવે છે કે જીવનો કેવળજ્ઞાન સ્વભાવ છે તે પણ જે શક્તિથી વિણશી જાય છે. ૨૧૧.**

અહીં જીવનો ઉત્કૃષ્ટસ્વભાવ કેવળજ્ઞાન છે. તે જ્યારે પોતાની લાયકાતથી અવરાય છે ત્યારે તે કેવળજ્ઞાનના આવરણમાં નિમિત્ત થાય એવી ઉત્કૃષ્ટ શક્તિ પુદ્ગલદ્રવ્યમાં છે. પુદ્ગલ-દ્રવ્યે જીવની કેવળજ્ઞાનશક્તિનો ઘાત કર્યો એમ વ્યવહારનું કથન છે. પણ ખરેખર તેમ નથી. જીવના પોતાના અપરાધથી પોતાનું કેવળજ્ઞાન અટક્યું છે ને પુદ્ગલમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એવી શક્તિ છે કે જીવના કેવળજ્ઞાનને આવરવામાં તે નિમિત્ત થાય. આ સિવાય બીજા કોઈ દ્રવ્યમાં એવી શક્તિ નથી કે કેવળજ્ઞાનના આવરણમાં નિમિત્ત થાય. જીવે પોતે પોતાના છ કારકોથી જ્ઞાનની પર્યાયને હીણી કરી છે, તેથી કેવળજ્ઞાન અવરાયું છે. આ યથાર્થ વસ્તુસ્થિતિ છે. અને તે વખતે સામે પુદ્ગલમાં કેવળજ્ઞાનને આવરવામાં નિમિત્ત થાય એવું ઉત્કૃષ્ટ પરિણમન છે-તે તેનું સ્વતંત્ર પરિણમન છે, ત્યાં તે કેવળજ્ઞાનાવરણીય કર્મે જીવના કેવળજ્ઞાનનો ઘાત કર્યો-એમ કહેવું તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વ્યવહાર કથન છે. જીવનું ઉત્કૃષ્ટ પરિણમન થતાં કેવળજ્ઞાન થાય એવી જીવની ઉત્તમ શક્તિ છે, ને કેવળજ્ઞાન ન થવામાં નિમિત્ત થાય એવી ઉત્કૃષ્ટ શક્તિ પુદ્ગલની છે. આમ કહીને જીવ અને પુદ્ગલ બન્નેના સ્વભાવનું જ્ઞાન કરાવ્યું છે. (ક્રમશઃ)

—*—

આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા
૯૮ મી 'કહાનગુરુ-જન્મજયંતી' પ્રસંગે સમર્પિત

# ભાવભીની ભક્તિ-અંજલિ

अज्ञानतिमिरान्धानां ज्ञानांजनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

આજે આપણા માટે પરમ માંગલિક દિવસ છે. જેમણે આપણું જીવન ઘડયું, આપણા જીવનને દિશા આપી, એ રીતે જેમનો આપણા ઉપર અપાર અપાર અકથ્ય ઉપકાર છે, એવા આપણા પરમપૂજ્ય ગુરુદેવનો આજે મંગળકારી જન્મદિવસ છે. ગુરુદેવે મનુષ્યભવમાં સૌથી મહાન દુર્લભ, ધ્યેયરૂપ, સાધ્યરૂપ એવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું, મનુષ્યભવ સાર્થક કર્યો.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે—

'હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યગ્દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો. આ અનાદિ-અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખને અનુભવે છે. તારા પરમ-અનુગ્રહથી સ્વસ્વરૂપમાં રુચિ થઈ, પરમ વીતરાગ સ્વભાવ પ્રત્યે પરમ નિશ્ચય આવ્યો, કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો.'

સમ્યગ્દર્શન થતાં કૃતકૃત્ય થવાનો માર્ગ પ્રાપ્ત થાય છે, સામર્થ્ય-અપેક્ષાએ તો વર્તમાન કૃતકૃત્યપણું અનુભવાય છે. એવું કૃતકૃત્યપણું-કૃતાર્થપણું પૂજ્ય ગુરુદેવને પ્રાપ્ત થયું હતું. એ કૃતાર્થપણું પ્રાપ્ત કરીને એમણે જગતના દુઃખી જીવોને કૃતાર્થ થવાનો માર્ગ ઉપદેશ્યો. અંદર આત્મસ્વભાવના—વીતરાગ સ્વભાવના—નિશ્ચયમાં પોતાને જે ઉલ્લાસ વર્તતો હતો તે ઉલ્લાસ બહાર ઊભરાઈ જતાં તેમના દ્વારા આખા ભારતમાં વીતરાગપ્રણીત-જિનેન્દ્રપ્રણીત વીતરાગમાર્ગનું પ્રબળ મોજું ફેલાઈ ગયું; તે પણ સહજપણે, કર્તૃત્વભાવે નહિ. કોઈનું આમ કરવું કે તેમ કરવું—તે એમની પ્રકૃતિમાં નહોતું. 'મારે તો મારું કરી લેવું છે, મારું ભવભ્રમણ ટાળવું છે' એ એમના હૃદયનો ધબકાર હતો.

શ્રીમદ્જીએ જિનભક્તિ વિષે ગાયું છે ત્યાં પણ ગુરુદેવ ભવાન્તની વાત આવતાં રોવી ઊઠતા.

'શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુકલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો.'

એ કાવ્ય ગવાતું ત્યારે જ્યાં કડીનો છેલ્લો ભાગ આવે ત્યાં ગુરુદેવ આનંદ
ડોલતા ડોલતા ભેગા ગવરાવવા લાગતા અને સ્પષ્ટીકરણ કરતા કે 'ભજીને ભગવંત
લહો—ભવનો અંત લહો, રાગ માત્ર નહીં પણ અંતરમાં સમ્યગ્દર્શનપૂર્વક અ
જિનેન્દ્રને ઓળખીને તમે ભક્તિ કરો કે જેથી ભવનો અંત પમાય. ભવના અંત ર
આ ભવમાં બીજી વાત શી?

ગુરુદેવના જીવનકાળ દરમ્યાન સંસારમાં-જગતમાં અનેક મોજાંઓ આવ
ગયાં, દેશમાં અનેક રાજકીય આંદોલનો આવ્યાં, અનેક સામાજિક અને ધાર્મિક ઝંઝા
થયા, પરંતુ તેઓ પૂજ્ય ગુરુદેવને તેમના ધ્યેયનિષ્ઠ જીવનથી લેશમાત્ર ડગાવી
નહિ. મેરુ ડગે તો ગુરુદેવ ડગે! તેઓ તો વજ્રોપમ દૃઢતાથી મોક્ષરૂપ સાધ્યની પ્રા
પુરુષાર્થમાં મસ્ત હતા.

બાળપણથી જ સાધ્યલક્ષી જીવન; મનુષ્યભવમાં આત્માનું જ કરી લેવું
ભાવ; તેથી બાળપણમાં નિશાળના લૌકિક અભ્યાસમાં રસ ન આવે. પાલેજમાં
વખતે પણ શાસ્ત્રવાંચન કરતા. કોઈવાર રાત્રે નાટક જોવા જાય તોપણ શૃંગ
પ્રસંગની અસર થવાને બદલે વૈરાગ્યરસ વધે. વૈરાગ્ય એટલો કે દીક્ષા લીધા પ
પણ હીરાચંદજી મહારાજ પાસે પોતે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ લીધી હતી. ગુરુ
આવું સાધ્યલક્ષી વૈરાગી જીવન હતું. દીક્ષા લીધી. દીક્ષાપર્યાયની અંદર, જે
વખતે સમજતા હતા તે રીતે, 'આનાથી આપણું કલ્યાણ થશે' એમ માનીને
ક્રિયા બરાબર કરતા, શાસ્ત્રો ખૂબ વાંચતા. કડક ક્રિયા અને ઊંડા શાસ્ત્રાભ્ય
સ્થાનકવાસી સંપ્રદાયની અંદર આખા હિંદુસ્તાનમાં કાનજીસ્વામીની એક ઉત્તમ
તરીકે પ્રસિદ્ધિ હતી.

શાસ્ત્ર વાંચતાં વાંચતાં કોઈ પૂર્વપુણ્યના યોગે સમયસાર ગ્રંથાધિરાજ એમના હ
આવ્યો અને પૂર્વસંસ્કારથી ને સત્પુરુષાર્થથી તેમને એમ લાગ્યું કે—આ 'અશ
થવાનું શાસ્ત્ર' છે. સમયસાર, મોક્ષમાર્ગપ્રકાશક ઇત્યાદિ સત્શાસ્ત્રો વાંચતાં તેમને
કે આત્માનું કલ્યાણ આને અનુસરવામાં છે. ત્યાર પછી એમણે આત્મા શું છે, પ
છે, નવ તત્ત્વ શું છે, ક્રિયા કોને કહેવાય, જ્ઞાન કોને કહેવાય, સમ્યક્ત્વ કોને કહે
તપ કોને કહેવાય—એ બધું અંદરથી શોધીને તેમનું સમ્યક્ સ્વરૂપ સમજીને જન
મૂક્યું ને કહ્યું કે, આ અમે અનુભવથી કહીએ છીએ, માત્ર શાસ્ત્રાધારે નહિ. કે
શાસ્ત્રનો વિશ્વાસ ન હોય તો અમે અનુભવથી કહીએ છીએ કે—જે જિનેન્દ્રોએ

છે તે અમે અંતરમાં વેદ્યું છે, અને આ માર્ગે ચાલતાં જો તમને સુખ પ્રાપ્ત ન થાય તો એની જવાબદારી અમારે શિર છે. આવા સ્વાનુભૂતિના વજ્રખડક ઉપર ઊભા રહી એમણે આખી જિંદગી નિઃશંકપણે, પોતાના કલ્યાણકાર્યની સાથે, જગતના જીવોનાં દુઃખો ટાળવાનો માર્ગ ઉપદેશ્યો.

ગુરુદેવે સમ્યક્‌જ્ઞાનપરિણતિએ પરિણમીને જોયું કે–આ વિશ્વમાં સમસ્ત દ્રવ્યો સ્વયંસિદ્ધ છે, તેઓ પ્રત્યેક સમયે સ્વતંત્રપણે પોતાનાં કાર્ય પોતે જ કરી રહ્યાં છે, બીજાં તેમને કાંઈ કરી શકતાં નથી. આત્મદ્રવ્ય પણ પ્રત્યેક સમયે સ્વતંત્રપણે પરિણમીને પોતાની અવસ્થા પોતે જ કરી રહ્યું છે અને પોતાની વિકારી કે અધૂરી અવસ્થા વખતે પણ સામર્થ્ય-અપેક્ષાએ તો તે સદાય પરિપૂર્ણ જ રહ્યું છે—જાણે કે 'અક્ષીણ-મહાનસઋદ્ધિધર' હોય. ભગવાન આત્મા કદી ન ખૂટે એવો, અમૃતભોજનનો અક્ષય મહાભંડાર છે—'અક્ષીણ મહાનસ' છે....અથવા, તે પાવનમૂર્તિ 'મહાનલ' છે, જેના દર્શનરૂપ એક ચિનગારી પ્રગટતાં તે ક્રમે સર્વ દોષોને બાળી નાખનાર મહા-અગ્નિરૂપે વ્યક્તપણે પ્રજ્વલિત થાય છે.

જેમ આત્મપદાર્થ આનંદામૃતમય 'અક્ષીણમહાનસ' છે, સર્વદોષદાહક 'મહાનલ' છે, તેમ તે સર્વજ્ઞસ્વભાવી 'મહાપ્રકાશ' છે— જે માત્ર આંખનાં બાંકોરાંથી દેખે, કાનનાં કાણાંઓથી સાંભળે અને જીભના લોચાથી ચાખે એવો તુચ્છ પદાર્થ નથી, પરંતુ સ્વયં પરિપૂર્ણ દર્શનાત્મક, સ્વયં પરિપૂર્ણ શ્રવણાત્મક અને સ્વયં પરિપૂર્ણ સ્વાદનાત્મક ચમત્કારિક મહા પદાર્થ છે—એમ ગુરુદેવે અંદરમાં અનુભવીને જગત સમક્ષ તેમણે નિર્ભયપણે, નિઃશંકપણે, પરમ ઉલ્લાસથી એ વાત મૂકી કે હે જીવો! જિનેન્દ્રોએ કહેલો, અનુભવીઓએ અનુભવેલો, મોક્ષનો માર્ગ તે આ 'મહાપ્રકાશ'ની અનુભૂતિમાં રહેલો છે.

અહો એ 'મહાપ્રકાશ'! એ મહાપ્રકાશના દર્શનની અંદર, તેના આશ્રયની અંદર. દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, વ્રત, સમિતિ, ગુપ્તિ આદિ સર્વ ભાવો સમાય છે. સમ્યગ્જ્ઞાનપરિણતિમાં જણાયેલાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર ઇત્યાદિ અનેક ભાવોના સમ્યક્ સ્વરૂપનિરૂપણ દ્વારા ગુરુદેવે ઘણાં સત્યો ખોલ્યાં—કે જેઓ જૈન દર્શનમાં હતાં ખરાં પણ તેમના પર આવરણ આવી ગયું હતું. અંદરનો સાચો માર્ગ લુપ્તપ્રાય થઈ ગયો હતો. પ્રાયઃ સર્વત્ર માત્ર બાહ્યક્રિયાત્મક અથવા ગોખણપટ્ટી–આત્મક રૂઢિને જ લોકો મોક્ષમાર્ગ માનતા હતા. ગુરુદેવે અંદર મહાપ્રકાશ જોઈને, મોક્ષમાર્ગમાં પથરાઈ ગયેલાં જાળાંઝાંખરાં દૂર કરી, જિનશાસનગૃહમાં જે બાવાં વળી ગયાં હતાં તેમને સાફ કરી, પરમતેજ-

યુક્ત જિનેન્દ્રશાસનને—કે જે ઝાંખું પડી ગયું હતું તેને—પુનઃ તેજવંતું કર્યું, મહાવીર-ભગવાનના શાસનને પ્રાણવંતું કર્યું. આપણે ભક્તિમાં ગાઈએ છીએ ને !—

એવા કંઈક પ્રભાવથી, ગગનથી આ ફહાન ! તું ઊતરે,
અંધારે ડૂબતા અખંડ સતને તું પ્રાણવંતું કરે.
જેનો જન્મ થતાં સહુ જગતનાં પાખંડ પાછાં પડે,
જેનો જન્મ થતાં મુમુક્ષુહૃદયો ઉલ્લાસથી વિકસે;
જેના જ્ઞાનકટાક્ષથી ઉદય ને ચૈતન્ય જુદાં પડે,
ઇન્દ્રો એ જિનસુતના જનમને આનંદથી ઊજવે.

'આ હું પરિપૂર્ણ જ્ઞાતા છું, વિભાવનો બધો કચરો મારાથી જુદો છે'—એવા નિર્ણયનો પુરુષાર્થ કરી, એવું ભાવભાસન ઉત્પન્ન કરી, જ્ઞાનસામાન્ય પ્રત્યે જોર લાવી, જ્ઞાનકટાક્ષ દ્વારા ઉદય અને ચૈતન્ય જુદાં પડે છે, અંદરમાં પરમ આહ્‌લાદનું સંવેદન થાય છે—એવું તેમણે અનુભવ્યું. આવી વસ્તુ અને આવો સ્વાનુભૂત માર્ગ તેમણે જગતને પ્રબોધ્યો, આત્માર્થીઓને સાચો માર્ગ ચીંધ્યો.

'તે નર ધન્ય છે, સુકૃતાર્થ છે, પંડિત અને શૂરવીર છે કે જેણે સ્વપ્નમાં પણ સિદ્ધિકર સમ્યક્‌ત્વને મલિન કર્યું નથી.'—એવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી, જગતને સાચી દૃષ્ટિ પ્રાપ્ત કરવાનો બોધ ગુરુદેવે આપ્યો. એ રીતે ગુરુદેવે આપણા ઉપર પરમ પરમ ઉપકાર કર્યો છે. તેઓ અત્યારે આપણી વચ્ચે નથી તોપણ એમણે આપણને જે ઘણું ઘણું આપ્યું છે તે બધું સ્મરણ કરી, એમના નિશ્ચય-વ્યવહારની સંધિ સહિત જીવનને યાદ કરી, આપણે જીવનમાં પ્રેરણા મેળવીએ.

એમનું જીવન પણ પ્રેરણાદાયક હતું, અને તત્ત્વજ્ઞાન કે જે મોક્ષમાર્ગનું મૂળ છે તે પણ એમણે સાચું પ્રરૂપ્યું; સત્ય તત્ત્વજ્ઞાનના આખા દરિયાના દરિયા જાણે કે જગતમાં વહેવડાવ્યા ! એવા સત્ય તત્ત્વજ્ઞાનના બોધથી અને પોતાના સ્વાનુભવભૂષિત સાચા જીવનથી ગુરુદેવે આપણી સમક્ષ એક આદર્શ ખડો કરી આપણા પર પરમ કલ્યાણ વર્ષાવ્યું છે. હવે જો ન કરીએ તો આપણો પોતાનો જ દોષ છે.

શ્રીમદ્‌જીએ કહ્યું છે કે—'અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવું સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે એમ બને તો આ જગતને વિષે તે અગિયારમું આશ્ચર્ય જ છે.'

સત્પુરુષ મળે, તત્ત્વજ્ઞાન આપે, સાચા જીવનની પ્રેરણા પોતાના પવિત્ર જીવનદ્વારા આપે, અને પાત્ર જીવ જો દરિદ્ર રહે, આત્મસમૃદ્ધિ પ્રાપ્ત ન કરે, તો તે અગિયારમું અચ્છેરું છે.

આવા પરમોપકારી ગુરુદેવે આપણા ઉપર અપાર અપાર ઉપકાર કર્યો છે, કે જેના વિના આ, એક બુદ્‌બુદ—પરપોટા જેવો, મનુષ્યભવ હતો-નહોતો થઈ જાત—કાંઈ પણ કલ્યાણ કર્યા વિના, પરપોટાની જેમ, ફૂટી જાત. આપણે ધ્યેયલક્ષી-સાધ્યલક્ષી જીવનની યત્કિંચિત્ પ્રેરણા પ્રાપ્ત કરીને સૌની યોગ્યતા પ્રમાણે જે કાંઈ પુરુષાર્થ-પ્રયત્ન કરી રહ્યા છીએ, તે બધું પરમ કૃપાળુ ગુરુદેવને આભારી છે. એમને કાંઈ સ્વાર્થ નહોતો, માત્ર પોતે જે આનંદભોજન જમતા હતા ની રસઅસતી વાત આનંદથી બહાર મૂકતા હતા.

એક વખત ગુરુદેવ અનુભવની અદ્‌ભુતતાની કાંઈક વાત કરતા હતા—ઘણું કરીને મુનિરાજના આત્મ-અનુભવની વાત હશે; તેઓ પોતાના અનુભવની વાત જ નહોતા કરતા. પછી પ્રમોદમાં આવીને કહે—કેવી આનંદદાયક વાત છે? મેં કહ્યું : 'સાહેબ! રાજા બેઠો બેઠો ખાજાં ને ખાંડ ખાતો હોય અને તેને જોનારા ક્ષુધાવંત રાંકાઓને જેવો આનંદ આવે, તેવો આનંદ અમને આવે છે.' તો મુક્તહાસ્યપૂર્વક ગુરુદેવ કહે : આનંદ તમારી પાસે પણ છે જ, તમારો ડબ્બો ખોલો ને! તમારી પાસે પણ ખાજાં ને ખાંડ ભરપૂર છે. બધા ખાઓ, કોઈ ભૂખ્યા ન રહો,—ક્ષુધાવંત કોઈ ન રહો, બધા પરિતૃપ્ત રહો; અક્ષીણમહાનસઋદ્ધિ બધા પાસે પડી છે.

ગુરુદેવનું આવું મધુર જીવન હતું. અત્યારે યાદ કરતાં અહીંના કણેકણમાં ગુરુદેવ દેખાય છે, એક-એક વસ્તુમાં ગુરુદેવનાં દર્શન થાય છે, એક-એક વસ્તુમાંથી તેમનો પ્રેરણાદાયી પવિત્ર ઉપદેશ ઝરે છે. ગુરુદેવનું બધું મધુર અને મંગળ હતું. સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટનપ્રસંગે એક ભાઈએ 'મધુરાષ્ટક' પરથી એક અપદ્યાગદ્ય ગીત ગાયું હતું, જે સાંભળી સૌ આનંદિત થયા હતા. 'મધુરાધિપતિ કાનજીસ્વામી અખિલ: મધુર:'—માધુર્યના અધિપતિ, માધુર્યના સ્વામી એવા કાનજીસ્વામી આખાય મધુર છે—આ મુખ્ય પંક્તિવાળું એ ગીત હતું. તેને અનુસરતું એક અપદ્યાગદ્ય ગીત ગાઈને હું મારું વક્તવ્ય પૂરું કરીશ.

મધુરાધિપતિ કાનજીસ્વામી અખિલ: મધુર:,
મધુરાધિપતિ-ગુરુદેવસ્ય સર્વં મધુરં.
આત્મા મધુર:, સ્વાનુભવ મધુર:, વૈરાગ્ય મધુરં,
જ્ઞાનં મધુરં, દર્શન મધુરં, વર્તન મધુરં.
મધુરાધિપતિ કાનજીસ્વામી અખિલ: મધુર:,
મધુરાધિપતિ-ગુરુદેવસ્ય સર્વં મધુરં.
જ્ઞાયક મધુર:, લગની મધુરા, વક્તા મધુર:,
પઠનં મધુરં, મનનં મધુરં, ધ્યાનં મધુરં.

मधुराधिपति कानजीस्वामी अखिलः मधुरः,
मधुराधिपति-गुरुदेवस्य सर्वं मधुरं.
स्वर्णपुर मधुरं, मंदिर मधुरं, स्वाध्यायमंदिर मधुरं,
समवसरण मधुरं, मानस्थंभ मधुरः, परमागम मधुरं.
नंदीश्वर मधुरं, जिनवृंद मधुरंः, तीर्थं मधुरं,
प्रवचन मधुरं, भक्ति मधुरा, चर्चा मधुरा.
मधुराधिपति कानजीस्वामी अखिलः मधुरः,
मधुराधिपति-गुरुदेवस्य सर्वं मधुरं.

પરમોપકારી મધુરાધિપતિ મંગલમૂર્તિ પૂજ્ય ગુરુદેવનાં પવિત્ર ચરણકમળ સદા હૃદયમાં સંસ્થાપિત રહો.

—*—

* સોનગઢનિવાસી સ્વ. શ્રી મનસુખલાલ છગનલાલ દેસાઈએ મરણ-સમયે વ્યક્ત કરેલી ભાવના પ્રમાણે તેમના પરિવારને પ્રાપ્ત થયેલ પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાના લાભની ખુશાલીમાં રૂા. ૫૧૦૧/- સંસ્થાના વિભિન્ન ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી :—
પ્રકાશન સ્થાન :—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ
પ્રકાશન તારીખ :—દરેક માસની પંદરમી તારીખ
પ્રકાશક :—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું)
મુદ્રક :—કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ
સંપાદક :—નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ-૩૬૪૨૫૦
તંત્રી :—હીરાલાલ ભીખાલાલ શાહ
રાષ્ટ્રીયતા:—ભારતીય
માલિક :—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું)

—વ્યવસ્થાપક (મેનેજર)
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
તા. ૧૫-૪-૮૭ સોનગઢ (કાનજીસ્વામીનું) ૩૬૪ ૨૫૦

આનંદોત્સાહમય વાતાવરણમાં ઉજવાયેલો

# ✻ ૯૮ મો જન્મજયંતી મહોત્સવ ✻

[ તા. ૨૫-૪-૮૭ થી તા. ૨૯-૪-૮૭ ]

શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળ તરફથી વિશેષરૂપે ઉજવાયેલ આ જિનશાસન-પ્રશમવર્ધક મંગલમય 'ગુરુ-જન્મજયંતી-મહોત્સવ'ને સફળ બનાવવા માટે પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ગુરુભક્તિભીની અંતર્ભાવના, પ્રેરણા તેમ જ આશીર્વાદ જ મુખ્ય બળ હતા. હિન્દીભાષી ઉપરાંત સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ વિગેરેથી આવેલાં મુમુક્ષુઓ સહિત લગભગ ૨૫૦૦ મુમુક્ષુઓએ આ મંગલમય મહોત્સવનો લાભ લીધો હતો. ઉત્સવના પ્રથમ દિવસે જ લગભગ ૧૦૦૦ મહેમાનો આવી ગયા હતા.

ઉત્સવના દિવસોમાં રોજ વહેલી સુપ્રભાતે મુમુક્ષુઓને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી મંગલ આશીર્વાદ પ્રાપ્ત થતાં હતાં કે "વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતા કે તું પરમાત્મા છો—એમ નક્કી કર. ભગવાન! તમે પરમાત્મા છો એટલું તો અમને નક્કી કરવા દ્યો!—કે એ નક્કી ક્યારે થશે?—કે જ્યારે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચયનું નક્કી થયા વિના વ્યવહાર નક્કી થશે નહીં....તું પરમાત્મા છો—એમ નક્કી કર....તું પરમાત્મા છો. એમ નક્કી કર."

ઉત્સવના પ્રારંભમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળના પ્રમુખશ્રી શ્રી મનમોહનભાઈ ગાંધીની પ્રેરણાથી મંત્રી શ્રી રસિકભાઈ ડગલીએ પોતાના સ્વાગત ભાષણમાં મુમુક્ષુ સમાજના ધર્મપિતા તારણહાર પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ઉપકૃતતાભાવભીની હૃદયોર્મિ વ્યક્ત કરી હતી તથા જેઓશ્રીના મંગલ આશીર્વાદથી તેમ જ જેઓશ્રીની કલ્યાણમયી મંગલ છત્રછાયામાં 'ગુરુ-જન્મ જયંતી-મહોત્સવ' ઉજવવાનો અનુપમ લાભ ઘાટકોપર મુમુક્ષુમંડળને પ્રાપ્ત થયો તે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન પ્રતિ ભક્તિભાવપૂર્ણ આભાર વ્યક્ત કર્યો હતો.

તા. ૨૫-૪-૮૭ થી તા. ૨૯-૪-૮૭ના આ મંગલમહોત્સવ દરમિયાન શ્રી ચૌંસઠ-ઋદ્ધિ-મંડલવિધાન પૂજા સમયે પરમાગમમંદિર ખીચોખીચ ભરાઈ જતું હતું. પૂજા શ્રી સ્વાધ્યાયમંદિરમાં રાખવામાં આવેલી 'ગુરુસ્તુતિ'માં પણ સૌ આનંદોલ્લાસ પૂર્વક લાભ લેતા હતા. આ મંડલવિધાનપૂજા (કાયમી) (૧) પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા કેટલાક બ્રહ્મચારી બહેનો (૨) શ્રી જડાવબેન નાનાલાલ

જસાણી–પરિવાર (૩) શ્રી પુરુષોત્તમદાસ ઓઘડદાસ કામદાર તથા ઝવેરીબેન પરષોત્તમદાસ કામદાર, મુંબઈ તરફથી તથા (પ્રાસંગિક) (૪) શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળ (૫) શ્રી સ્વ. મનસુખલાલ છગનલાલ દેસાઈ પરિવાર, સોનગઢ (૬) શ્રી ત્રિવેણીબેન કેશવલાલ કોઠારી મુંબઈ તરફથી રાખવામાં આવી હતી.

આ મંગલ અવસરે સવાર-સાંજ બે વખત રાખવામાં આવતાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ગૂઢભાવપ્રધાન અધ્યાત્મમસ્તીસભર ટેપ-પ્રવચનોના કાર્યક્રમમાં પરમાગમ-મંદિરમાં મુમુક્ષુઓ સમાતા ન હતા. શ્રુતલબ્ધિવંત ગુરુદેવની અધ્યાત્મ-અમૃત–વાણીનો મહિમા કયા શબ્દો દ્વારા થઈ શકે! અપાર કરુણાસાગર કૃપાળુ ગુરુદેવનો અનંત અનંત ઉપકાર કે તેઓશ્રી આપણા માટે આવી અણમોલ નિધિ મૂકતા ગયા!

સમાગત વિદ્વાનોના ગુરુભક્તિભીના તેમ જ તત્ત્વજ્ઞાનપૂર્ણ પ્રવચન પણ વિશેષ આકર્ષક રહ્યા હતા. સર્વશ્રી ડો. પ્રવિણભાઈ દોશી, શ્રી શશિકાંતભાઈ શેઠ, શ્રી હિંમતભાઈ ડગલી તેમ જ શ્રી પ્રાણભાઈ કામદાર પોતાની મધુર, સ્પષ્ટ નિર્ભીક, પાઠસ્પર્શી શૈલીથી તત્ત્વસ્પષ્ટી-કરણની સાથોસાથ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકારમહિમાનું મધુર રસપાન કરાવ્યું હતું. સાથોસાથ એ પણ સહૃદય સ્પષ્ટ વિદિત કર્યું કે—જો પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતા પોતાના સ્વાનુભવવિભૂષિત લોકોત્તર સ્પષ્ટ જ્ઞાન વડે, પરમ પૂજ્ય ગુરુદેવની 'ભાવિ-તીર્થંકર' રૂપ દિવ્યતાનો તેમ જ ચમત્કૃતિભરી જ્ઞાનચેતનાનો પરિચય ન કરાવતા તો અમારા જેવા પામર જીવો અધ્યાત્મજ્ઞાનના મહાન લાભથી તેમ જ સત્પુરુષની કલ્યાણી ભક્તિથી વંચિત રહી જાત.

જન્મજયંતી–મહોત્સવને અનુરૂપ જિનમંદિર, પરમાગમમંદિર, નંદીશ્વર જિનાલય, માનસ્તંભ, સ્વાધ્યાયમંદિર આદિની વિદ્યુતપ્રભા વડે સુંદર સજાવટ કરવામાં આવી હતી. મનોહર 'બેનર' (ચાકળા), પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૮ થરમોકોલ પર અંકિત ભવ્ય કળશ તથા દીપક, કાચનિર્મિત બીજયુક્ત સ્વસ્તિક તથા ૐ આદિ ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા.

શ્રી જિતુભાઈ શાહ તથા શ્રી વિપુલ મોદી દ્વારા 'ઇલેક્ટ્રોનિક સિસ્ટમ'થી બનાવવામાં આવેલ બે ભવ્ય દશ્યો બહુ આકર્ષક હતા. એક દશ્યમાં સમવસરણમાં પરમ પૂજ્ય પરમ દેવાધિદેવ ભગવાન શ્રી સીમંધરસ્વામીના અત્યંત ભક્તિપૂર્વક વંદના કરતા તથા રત્નનિર્મિત દૈવી દીવડાથી આરતી ઉતારતા વિદેહક્ષેત્રના ગુણીયલ 'રાજકુમાર' તથા તેમના ગાઢ મિત્ર શ્રેષ્ઠિપુત્ર 'દેવકુમાર' બતાવવામાં આવ્યા હતા. બીજા દશ્યમાં જન્મધામ ઉમરાળામાં કહાનકુંવરનો જન્મ, કહાનકુંવરને પારણામાં ઝૂલાવતા માતા ઉજમબા તથા જન્મોત્સવ મનાવવા બે પરી નૃત્ય કરી રહી છે ઇત્યાદિ દશ્ય બતાવવામાં આવ્યું હતું. સાથોસાથ

દિવ્ય વિદ્યુતપ્રભા અને દૈવી દુન્દુભિનાદ અને મંગલ ઘંટનાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

મહોત્સવ દરમિયાન આપણા વિદ્વદ્રત્ન અધ્યાત્મતત્ત્વના મર્મજ્ઞ આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા કરાવવામાં આવેલ મંડલવિધાનપૂજા, સવારના ટેપ-પ્રવચન બાદ ગુરુ-ઉપકાર-કીર્તનરૂપ ભક્તિરસસભર મધુરી ભક્તિ, બપોરના શાસ્ત્રવાંચન બાદ કરાવવામાં આવેલ જિનેન્દ્રભક્તિ તથા ગુરુભક્તિના ભાવવાહી ભજન મુમુક્ષુસમાજને ભક્તિ-રસમાં નિમગ્ન તેમ જ અતિશય આનંદિત કરતા હતા.

ઉત્સવના દિવસોમાં રાત્રે ટેપ-પ્રવચન બાદ સમ્મેદશિખરની યાત્રાની ફિલ્મ દ્વારા ગુરુદેવશ્રીના દર્શન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાની તથા ઘાટકોપરની વેદી-પ્રતિષ્ઠાની વિડિયો-ટેપ, 'પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવન અને ઉપકાર' સંબંધી બાલિકાઓ દ્વારા ભક્તિભાવવાહી નાટક—ઇત્યાદિ વિવિધ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

વૈશાખ સુદ બીજ–૯૮ મી જન્મજયંતીના મંગલ દિને પ્રાતઃ દેવ-શાસ્ત્ર-ગુરુદર્શન તથા જન્મવધાઈ, ત્યાર બાદ શ્રી ચોંસઠ-ઋદ્ધિ મંડલવિધાન પૂજા, ત્યાર બાદ સ્વાધ્યાય-મંદિરમાં પૂજ્ય બહેનશ્રી દ્વારા કરવામાં આવેલ અત્યંત ભાવભીની ગુરુભક્તિ અને તે પછી 'ધાતકીદ્વીપ-વિદેહના ભાવિ જિનવર'ની ભવ્ય રથયાત્રા આદિ અદ્ભુત કાર્યક્રમ હતા. રથયાત્રા તો તીર્થંકરભગવાનના જન્મકલ્યાણક-જુલૂસની જેવી અતિ આનંદકારી અને ભવ્ય હતી. રજતનિર્મિત ત્રિપીઠિકા તેમ જ ગંધકુટીયુક્ત ભવ્ય રથમાં 'ભાવિ-જિનવર,' પાંચ હરણવાળી જીપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ભવ્ય ચિત્રપટ, વિભિન્ન બગીઓમાં શ્રી સમયસાર આદિ પરમાગમ અને પૂજ્ય બહેનશ્રીનું ચિત્રપટ અને 'મોટર-કેરિયર'માં જોડવામાં આવેલ ઉમરાળા–જન્મસ્થાન, પિતાજી મોતીચંદભાઈ, માતાજી ઉજમબા, પારણામાં સૂતેલાં 'કહાનકુંવર', રાશિ જોઈને કુંડળી બનાવતા જ્યોતિષાચાર્ય, દેવ-યુગલ દ્વારા વિમાનમાંથી પુષ્પવૃષ્ટિ આદિ ભાવવાહી મનોરમ દૃશ્યયુક્ત રથયાત્રાનો દેખાવ અત્યંત નયનહારી હતો. બાળકો તથા બાલિકાઓ દ્વારા પોતપોતાના સમૂહમાં દાંડિયા-રાસ, અનેક મુમુક્ષુઓ દ્વારા બાળક 'કહાનકુંવર' ને મસ્તક ઉપર લઈને આનંદનૃત્ય સહિત વિશાળ મુમુક્ષુસમુદાયે ભક્તિઉલ્લાસ પૂર્વક ભાગ લઈને રથયાત્રા દ્વારા સોનગઢનું વાતાવરણ આનંદથી ભરી દીધું હતું. ઘાટકોપર તથા વઢવાણ શહેરની ભજનમંડળીએ આ જન્મજયંતીની શોભામાં હૃદયપૂર્વક પોતાનો સહયોગ આપ્યો હતો.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ સમસ્ત મુમુક્ષુસમાજ વતી સર્વશ્રી આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહ, વિદ્વાન શ્રી હિંમતભાઈ ડગલી અને શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળના પ્રમુખ શ્રી મનમોહનભાઈ ગાંધીની પ્રેરણાથી મંત્રી

શ્રી રસિકભાઈ ડગલીએ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે પોતાની ઉપકૃતભાવભીની ભાવાંજલિ સમર્પિત કરી હતી. આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહના વક્તવ્યે ઉત્સવના શોભા તથા આનંદમાં સ્વર્ણકળશ ચઢાવ્યો હતો. તેઓએ પોતાના ભાવાર્દ્ર વક્તવ્યમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભૂતિવિભૂષિત અધ્યાત્મિક વિશેષતા સહિત 'मधुराधिपति कानजीस्वामी अखिलः मधुरः। मधुरापति–गुरुदेवस्य सर्वं मधुरम्।' ઇત્યાદિ ગુણાનુવાદ દ્વારા મુમુક્ષુઓના મનોમંદિરમાં મહોત્સવને મધુરતમ બનાવી દીધો હતો.

બપોરના શાસ્ત્રપ્રવચનમાં શ્રી પ્રવિણભાઈ દોશીએ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતતાભાવભીના ભાવ સાથે સમયસારના 'પરિશિષ્ટ' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલાં ભાવોને સુંદર તથા રોચક શૈલીથી સમજાવ્યા હતા. ત્યારબાદ શ્રી દેવ-ગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર ભગવાનની આરતી, 'ગુરુભક્તિ' અને ત્યાર બાદ મહિલાવૃંદ દ્વારા સ્વાધ્યાયમંદિરમાં 'ગુરુભક્તિ'—એ રીતે આ ૯૮ મી જન્મજયંતીનો મંગલ મહોત્સવ પૂરો થયો હતો.

* જન્મજયંતીના મંગલ-અવસરે સંસ્થાના વિભિન્ન દાનખાતા માટે '૯૮'ની રકમ ૮૬૪ × ૯૮ = ૮૪૬૭૨, આરતી તેમ જ રથયાત્રા આદિ દ્વારા રૂા. ૧,૦૪,૩૨૫ની દાનરાશિ જાહેર થઈ હતી.

* સાહિત્ય-વેચાણમાં ૧૦ % શ્રી કમળાબેન અમૃતલાલ મેઘાણી (મુંબઈ), ૧૫ % શ્રી હીરાલાલ ભીખાભાઈ દહેગામ તરફથી ડિસ્કાઉન્ટ રાખવામાં આવેલ હતું. શ્રી પુષ્પાબેન એમ. દોશી તરફથી વચનામૃત પ્રવચન ભાગ–૪ ની કિંમતમાં રૂા. ૨/– નો ઘટાડો જાહેર કરવામાં આવ્યો હતો.

* જૈનદર્શન ધાર્મિક શિક્ષણવર્ગની શરૂઆત તા. ૨૨–૪–૮૭ થી થયેલ હતી, તા. ૬–૫–૮૭ સુધી ચાલેલા આ શિક્ષણવર્ગમાં ઉત્તમ તથા મધ્યમ એવા બે વર્ગ રાખવામાં આવ્યા છે. તદુપરાંત બ્રહ્મચારી બહેનો દ્વારા મહિલાઓ અને નાના બાળકોને પણ શિક્ષણ આપવામાં આવ્યું હતું. જન્મજયંતી–મહોત્સવના દિવસોમાં ૨૨૫ પુરુષો, ૨૫૦ સ્ત્રીઓ અને ૧૫૦ બાળકોએ શિક્ષણનો લાભ લીધો હતો. દેહરાદૂન, ઉદયપુર ખંડવા, સાગર, રાજકોટ, ભાવનગર, અમદાવાદ, જલગાંવ, ખૈરાગઢ, કલકત્તા, જામનગર, વઢવાણ, સુરેન્દ્રનગર, મુંબઈ આદિથી આવેલા મુમુક્ષુઓ આ અધ્યાત્મતત્ત્વપ્રધાન શિક્ષણનો લાભ પામ્યા હતા.

# સુરેન્દ્રનગરમાં સાનંદ સંપન્ન વેદીપ્રતિષ્ઠોત્સવ

ધન્ય ભાગ્ય અમારે મંદિર પધાર્યા, ભાવી જિન ભગવાન;
વધાવું આજ અર્ઘ્યનો થાળ ભરી ભાવ સાથ.

જિનશાસનપ્રભાવક સ્વાનુભવી સંત પરમોપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની કલ્યાણવર્ષિણી મંગલ ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠિત સુરેન્દ્રનગરના 'પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી પ્રેરિત શ્રી શાન્તિનાથ દિગંબર જિનમંદિર'ના સ્વાધ્યાયમંદિરમાં (સંગેમર્મર-નિર્મિત નૂતન ભવ્ય વેદીમાં) બિરાજમાન થનાર ધાતકીખંડ-વિદેહક્ષેત્રના ભાવી જિનવરના, ૭॥ ફૂટના વિશાળ, પદ્માસનસ્થ અતિ રમણીય ભવ્ય વીતરાગ જિનબિંબની—જેમની પંચકલ્યાણકપુરઃસર પાવન પ્રતિષ્ઠા પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિ સોનગઢમાં શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલયની પંચકલ્યાણક પ્રતિષ્ઠા પ્રસંગે, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગલકારી છત્રછાયામાં, થઈ હતી તેમની—વેદીપ્રતિષ્ઠાનો મંગલ મહોત્સવ સુરેન્દ્રનગરમાં તા. ૯-૫-૮૭ થી તા. ૧૧-૫-૮૭ એમ ત્રણ દિવસ, પરમ તારણહાર પૂજ્ય કહાન-ગુરુદેવના પુનિત પ્રતાપે તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના મંગળ આશીર્વાદથી, અતિ-આનંદોલ્લાસ ઉજવાઈ ગયો.

પ્રતિષ્ઠામંડપની વિશાળતા, શુદ્ધામ્નાયાનુસાર સંપન્ન શાસ્ત્રોક્ત વિધિવિધાનની રોચકતા, સમાગત અધ્યાત્મતત્ત્વપ્રેમી વિદ્વાનોનાં દેવ-ગુરુ તેમ જ ભાવિજિનવરના મહિમાભીનાં અધ્યાત્મપ્રવચન, ઇંદ્રો દ્વારા ઇંદ્રસભામાં જિનેન્દ્રમહિમાભરી આધ્યાત્મિક તત્ત્વગોષ્ઠી, બાલિકાઓના સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ઉપસ્થિત ૨૦૦૦ થી અધિક મુમુક્ષુસમુદાય આદિ અનેક રંગી વિવિધતાથી વાતાવરણ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ જેવું અતિ ભવ્ય લાગતું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીની સાક્ષાત્ ઉપસ્થિતિમાં ઉત્સવ જાણે ઉજવાતો હોય એવું આનંદદાયી ભવ્ય વાતાવરણ સર્જાઈ ગયું હતું. અહો! એ બધો પ્રતાપ છે પ્રશમમૂર્તિ ભગવતી માતાના ગુરુભક્તિભીના મંગળ આશીર્વાદનો.

આ મહોત્સવપ્રસંગે વિવિધ ઉછામણી દ્વારા સાડા ત્રણ લાખ રૂપિયાની જિનમંદિરને આવક થઈ હતી. રૂપિયા ૮૨,૦૦૦ની ઉછામણી બોલીને, ભાવી જિનવર ભગવાનને નૂતન વેદી ઉપર બિરાજમાન કરવાનું મહાન સૌભાગ્ય શ્રી જગજીનવદાસ ચતુરભાઈ શાહના બહોળા પરિવારને પ્રાપ્ત થયું હતું. આ ભવ્ય મહોત્સવની સફળતાનો આધાર પૂજ્ય ગુરુદેવશ્રીનો પુનિત પ્રભાવ અને પૂજ્ય ભગવતી માતાની મંગલ છાયા જ છે. અહો ઉપકાર તે ઉભય સંતોનો!

—*—

## સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર :—

* વૈશાખ સુદ દશમ—વીર કેવળકલ્યાણક દિન પૂજા-ભક્તિના વિશેષ સમારોહ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

* વૈશાખ વદ ૬—શ્રી સમવસરણની વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ, વૈશાખ વદ ૮—શ્રી સ્વાધ્યાયમંદિર તેમ જ તેમાં પ્રશમમૂર્તિ ભગવતીમાતા બહેનશ્રી ચંપાબેનના કરકમળ દ્વારા પ્રતિષ્ઠિત 'સમયસાર'ની વાર્ષિક તિથિ, તેમ જ જેઠ સુદ ૫—શ્રી શ્રુતપંચમી વિશેષ ભક્તિપૂજા પૂર્વક ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :—

* સાવરકુંડલાનિવાસી શ્રી અંજવાળીબેન જગજીવનદાસ દોશી (બ્ર. ઉષાબેન-સોનગઢ-ના માતુશ્રી) (વર્ષ-૮૧) તા. ૧૭-૪-૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લેતા હતા.

* માલાવાડનિવાસી શ્રી કેશવલાલ ફુલચંદ (વર્ષ-૮૧) તા. ૧૯-૪-૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી શ્રી તુલસીદાસ ઘેલાભાઈ ગોહેલ (વર્ષ-૭૦) ફાગણ સુદ-૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાણપુરનિવાસી (હાલ-જેતપુર) શ્રી મગનલાલ કેશવલાલ ચોવટીયા (વર્ષ-૬૪) તા. ૬-૫-૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજુલા નિવાસી (હાલ-સોનગઢ) શ્રી મોતીલાલ ગોકુળચંદ શાહ (વર્ષ-૮૨) તા. ૧૩-૫-૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વજિજ્ઞાસુ હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

* તાડના વૃક્ષથી તૂટેલું ફળ નીચે પૃથ્વી ઉપર પડવા માંડયા પછી વચ્ચે ક્યાં સુધી રહે? તેમ જન્મ થયા પછીનું જીવન આયુસ્થિતિમાં ક્યાં સુધી રહે? બહુ જ અલ્પકાળ અને તે પણ અનિયત. તેથી હે ભવ્ય! આ દેહાદિને આમ ક્ષણભંગુર જાણીને વાસ્તવિક અવિનાશી પદનું સાધન બીજા બધાં કાર્યો જતાં કરીને પણ ત્વરાએ કરી લેવું એ જ સુયોગ્ય છે, કારણ કે જીવન-સમય બહુ સાંકડો છે. (—શ્રી ગુણભદ્રાચાર્યદેવ)

# * મુખ્ય કર્તવ્ય *

**પોતે પરથી ને વિભાવથી જુદાપણાનો વિચાર કરવો. એકતાબુદ્ધિ તોડવી તે મુખ્ય છે. એકત્વ તોડવાનો ક્ષણે ક્ષણે અભ્યાસ કરવો. ૨૮૫.**

આ બોલમાં તો માલ-માલ ભર્યો છે.

શરીર આદિ પરદ્રવ્યોથી, મોહ આદિ દ્રવ્યકર્મોથી અને પોતાની પર્યાયમાં પરને લક્ષે થતા રાગાદિ વિભાવોથી પોતાના—ત્રિકાળી નિજ શુદ્ધ આત્માના જુદાપણાનો પોતે અંતરે વિચાર કરવો. પરલક્ષે ગુરુની વાણી સાંભળવાથી કે શાસ્ત્રો વાંચવાથી સ્વ-સન્મુખતાનો આ વિચાર આવે તેમ નથી. ગુરુએ આત્માનું મૂળ સ્વરૂપ જેવું બતાવ્યું છે અને શાસ્ત્રોમાં જે રીતે કહ્યું છે તેનો પોતે સ્વયં અંતર્મુખ થઈને વિચાર કરવો જોઈએ. સ્ત્રી, પુત્ર, લક્ષ્મી વગેરે તો પર છે જ, પણ જેના પ્રત્યે સૌથી વધારે પ્રેમ છે એવું આ નિકટ રહેલું શરીર પણ આત્માથી તદ્દન જુદું છે. પુણ્ય-પાપના વિભાવો પણ આત્માનો મૂળ સ્વભાવ નથી તેથી તે પણ આત્માથી જુદા છે—એમ પર ને વિભાવથી જુદા એવા નિજ ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યસ્વભાવને લક્ષમાં લઈ અંતર્મુખ વિચાર કરવો જોઈએ.

શરીર, વાણી આદિ પરપદાર્થો અને પોતાની પર્યાયમાં થતા રાગાદિ વિભાવો મારા છે—એવી એકત્વબુદ્ધિ તોડવી તે મુખ્ય કર્તવ્ય છે. સમયસારની ત્રીજી ગાથામાં 'એકત્વનિશ્ચયગત સમય સર્વત્ર સુંદર લોકમાં' અને પાંચમી ગાથામાં 'દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી' આવે છે ને! સ્વરૂપથી એકત્વ ને રાગથી વિભક્ત એવા નિજ આત્માના જુદાપણાનો વિચાર કરવાથી પર ને રાગ સાથેની એકતાબુદ્ધિ તૂટે છે. ભાઈ! માર્ગ તો આવો છે. એકતાબુદ્ધિ તોડવી તે મુખ્ય છે.

કોઈ વખતે એકાદ ક્ષણ કરે એમ નહિ, પણ પ્રત્યેક ક્ષણ આત્માને પરથી ને રાગાદિ વિભાવથી જુદા કરવાનો અભ્યાસ કરવો જોઈએ. 'શરીર તે હું', સ્ત્રી-પુત્ર-લક્ષ્મી વગેરે મારાં' એમ થઈ ગયું છે ને! શરીરના નામથી કોઈ બોલાવે તો 'હં' કહે છે ને! પણ ભાઈ! શરીર તે તું ક્યાં હતો? સ્ત્રી-પુત્ર વગેરે બહારની ચીજો તારી ક્યાં હતી? અનાદિથી પરમાં ને વિભાવમાં જે એકત્વબુદ્ધિ થઈ રહી છે તેને ક્ષણે ક્ષણે તોડવાનો—આત્માથી જુદું કરવાનો—અભ્યાસ કરવો જોઈએ. શરીરને રોગ આવે, દમ થાય, શ્વાસ ચઢે તે તો જડ શરીરની પર્યાય છે, તે તરફ લક્ષ જતાં જે રાગ કે દ્વેષ આવે છે તે વિભાવ છે. વિભાવ ને પરથી જુદાપણાનો વિચાર કરવો. દરેક ક્ષણે શરીરાદિ તથા રાગાદિ સાથેનું એકત્વ તોડવાનો અભ્યાસ કરવો જોઈએ.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

# 卐 મુમુક્ષુને સંબોધન 卐

* એક મોટી નિશ્ચયની વાર્તા તો મુમુક્ષુજીવે એ જ કરવી યોગ્ય છે કે સતસંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી, અને તે સતસંગમાં નિરંતર સમય સમય નિવાસ ઇચ્છવો, અસતસંગનું ક્ષણેક્ષણે વિપરિણામ વિચારવું એ શ્રેયરૂપ છે. બહુ બહુ કરીને આ વાર્તા અનુભવમાં આણવા જેવી છે.

* જીવે મુખ્યમાં મુખ્ય આ વાત વિશેષ ધ્યાન આપવા જેવી છે કે સતસંગ થયો હોય તો સતસંગમાં સાંભળેલ શિક્ષાબોધ પરિણામ પામી, સહેજે જીવમાં ઉત્પન્ન થયેલ કદાગ્રહાદિ દોષો તો છૂટી જવા જોઈએ, કે જેથી સતસંગનું અવર્ણવાદપણું બોલવાનો પ્રસંગ બીજા જીવોને આવે નહીં.

—શ્રીમદ્ રાજચંદ્ર

—o—

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૩૫૦